પ્રજાપ્રિય મહારાજા શ્રી ભાવસિંહજી
વિવિધ જ્ઞાન ગ્રન્થમાળા
(મણકો ૨૨ મો.)

ગુણ પર ગુણ.

લખનાર.
ણ હેમચંદ્ર.

અમદાવાદ.
રાજનગર સ્ટીમ પ્રિન્ટીંગ પ્રેસ.
કિંમત ચાર આના.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી ગ્રન્થમાળામાંનાં આ લખનારનાં પુ મણકા.

૧ વિવિધિ જ્ઞાન. ... ...
૨ રત્નાવળી ... ...
૩ રોમિયો અને જુલિયટ ... ...
૪ અપરાધતત્વ. ... ...
૫ હત્તત્વ વિવેક એટલે માણસને પારખવાની વિદ્યા
૬ નાની મીઠી વાર્ત્તા ... ...
૭ વાસવદત્તા ... ...
૮ સૌન્દર્યતત્વ ... ...
૯ પ્રેમતત્વ ... ...
૧૦ કુમળ કુમારી ... ...
૧૧ બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી
૧૨ કાલિદાસ અને શેક્સપિયરની તુલના
૧૩ કવિતત્વ ... ...
૧૪ કાવ્યતત્વ ... ...
૧૫ હૃદયતત્વ અથવા ચારિત્ર ... .
૧૬ ઈશ્વર જ્ઞાન ... ...
૧૭ ધર્મજ્ઞાન ... ...
૧૮ આધ્યાત્મિક વિજ્ઞાન તત્વ ... ...
૧૯ જયસિંહ ... ...
૨૦ વિવિધ મીઠી વાર્ત્તાઓ ... ...
૨૧ સંસાર ધર્મનીતિ. ... ...
૨૨ અવગુણ પર ગુણ. ... ...

મળવાનું ઠેકાણું—નારાયણ હેમચંદ્ર

અનુક્રમ.

નારાયણ હેમચંદ્રનાં નવલ કથાનાં પુસ્તકો.

જીવન પ્રભાત.—આ નવલકથાના કર્ત્તા બંગાળાના માજી સિવિલ, ઓડીસાના કમીશનર, તથા હાલના લંડનની યુનિવરસિટીના ઇતિહાસના પ્રોફેસર અને ઇ. સ. ૧૯૦૦ની નેશનલ કોંગ્રેસના પ્રેસિડંટ બાબુ રમેશચંદ્ર દત્ત છે. તેમાં શિવાજીની ખરી વીરત્વની તસબીર બરાબર આંકવામાં આવી છે. અને ખરા પ્રેમની મૂર્ત્તિ એવી ઘડવામાં આવી છે કે ગુજરાતીમાં તેવું પુસ્તક મળતું નથી. કિંમત એક રૂપીઓ.

જીવન સંધ્યા—આ નવલકથા પણ બાબુ રમેશચંદ્ર દ[illegible] કરી
તેમાં મેવાડના રાણા પ્રતાપસિંહની બહાદુરીનું વર્ણન ઘણુંજ
અને તેની સાથે એક પ્રેમી જોડાની ઘણીજ રસીક કહાણી છે
ગાર તથા વીરરસ ઓતપ્રોત છે. કિંમત એક રૂપીઓ.

હીરાકંઠી—આ પુસ્તક પણ ઉપલા ગ્રંથ કર્ત્તાનું છે.
નવી ઢબથી લખાયલી છે. તેમાં વિશુદ્ધ પ્રેમવાળા બે
મુગ્ધ કરી ખરો પ્રેમ જે કેવી અલૌકિક વસ્તુ છે. તે
હાંધરીઓને ધર્મને ખરે માર્ગ ચઢાવે છે. કિંમત બાર

શિવલાલ—આ પુસ્તકનો બનાવનાર બાબુ રમેશચંદ્ર
સ્તકનું ગુજરાતીમાં અનુકરણ કરીને ગુજરાતના ઇતિહાસને
કર્યું છે. તેમાં બહાદુરી અને પ્રેમનું અચ્છુ ચિત્ર છે. કિંમત

વિષવૃક્ષ—આ પુસ્તકનો કર્ત્તા બાબુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્
નોવેલો બંગાળામાં વખણાય છે. આનું અંગ્રેજીમાં પણ ભા
તેમાં જે પ્રેમનું વર્ણન કર્યું છે તે અલૌકિક છે. કિંમત બ

દુર્ગેશનંદિની—આ ઐતિહાસિક નવલ કથા છે. તેમાં
બીર છે. તે જોયા સિવાય અનુભવ કરવામાં આવતી નથી
ળામાં તેર આવૃત્તિ થઇ છે. અને તેનો લખનાર બંકિમચંદ્ર
છે. કિંમત બાર આના.

નારાયણ

અમ

અવગુણ પર ગુણ.

ચાકરડી.

૧

ઉપર ફાગણ મહિનામાં અમદાવાદમાં શીતળાનો રોગ ફેલાયાથી .સીઓ ભયથી ઘણા ડર્યા હતા. હળવે હળવે એ શીતળાદેવી .યમાન થઇ. એટલે શીતળાનો રોગ બહુ વધી પડયો. તેથી ઘણાક માણસો શહેર છોડીને નાઠાં. જેઓને અમદાવાદ છોડીને જવાનો .ાય નહોતો, તેઓમાંથી કોઇએ મા શીતળાની પૂજા કરીને, કોઇએ શી- ળા મૂકાવીને તથા વિવિધ જાતની પેન્ટેન્ટ દવા વેચાતી લઇને પોતાનો ચાવ કરવાનો યત્ન કરવા લાગ્યા.

ધીરે ધીરે આ દુરંત ચેપીરોગ કોલેરાના જેવો શહેર ઉજડ કરવા લાગ્યો. અમદાવાદના રહેવાસીઓને મરવાનો ડર ઘણો લાગવા લાગ્યો. બધા .ય ચકિત થયા; કોઇના મોંપર બીજી વાત નહોતી, મન સ્વસ્થ નહોતું.

એ અરસામાં ગૂજરાત કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ એક મકાનમાં ``મતથી રહેતા હતા. મરવાની સંખ્યા વધારે જોઇને કેટલાક વિદ્યાર્થીઓ પોતાના દેશમાં નાસી ગયા, કોઇ નાસવાની તૈયારી કરતા હતા. બ- ામાં ભય થતો કે કયારે શું થાય.

બપોરે રાજકોટના રહેવાસી લલુભાઇના ઓરડામાં બધા વિદ્યાર્થીઓ ને ગપ્પ સપ્પ કરતા હતા. લલુભાઇ વખતો વખત ચિત્ર દોરતો હતો. કહ્યું કે, "તું માતા શીતળાની એક તસવીર કાઢ." લલુભાઇ પ્રા-

થેના સમાજમાં જતો હતો ખરો પણ તે પણ આ દુરંત દેવતાની સાથે મશ્કરી કરવામાં સામેલ થયો નહિ. બીજાઓ બીજી જાતની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા.

એટલામાં વિદ્યાર્થી કલબની ચાકરડી આવીને બોલી, "રસોઇઓ નાસી ગયો છે."

વિદ્યાર્થીઓનું ટોળું તે વેળાએ સભાભંગ કરીને બ્રાહ્મણની શોધમં ગયું. એક બે જણા બીજો ઉપાય નહિ જોતા બીજી ઓળખાણવાળ ઘાર્થીઓની કલબમાં જઇને પરોણા તરીકે રહ્યા. જે એક બે મની ની વાટ જોતા હતા, તેને રૂપીઆ મળ્યાથી તેજ દહાડે પોતાના ગા

અમદાવાદમાં તે વેળાએ વસ્તી ઉજડ થતી હતી. જેઓ નોકરી કરે છે, તેઓ ઘણું કરીને કલબનું કામકાજ પૂરૂ કરીને પોત ઘેર જાય છે. મૃત્યુ ભયથી તેઓ પણ અમદાવાદ છોડીને જતા હતા.

ઘણી શોધ કર્યા છતાં પણ રસોઇઓ મળ્યો નહિ. વિદ્યાર્થીઓએ ન ક્કી કર્યું કે, ચેપીરોગની વેળાએ બજારમાંથી ખાવાનું લઇને ખાવું ઠીક નહિ પણ ઘણા વાદવિવાદ કર્યા પછી જ્યારે જઠરાગ્નિ સળગી ઉઠી, ત્યારે લાચારીથી બજારની મીઠાઇ લઇને ખાધી. અને પાણી પીને સૂતા.

૨

હજી રાત છે, પરંતુ પ્રભાતને વધારે વખત નથી, મોટા રોવાના અવાજથી પહેલા લલુભાઇની ઊંઘ ભાગી ગઇ, ધીરે ધીરે બધાની ઊંઘ ઉડી ગઇ. ફરી લલુભાઇના ઓરડામાં સભા જામી. બે ઘરના પછી જે રોગી શીતળા માં ફસાયો હતો, છેલ્લી રાતે તેની યંત્રણા જતી રહી, તે કોઇને પણ ગ જવાથી બહાર રહ્યું નહિ. ઓરડો અંધારો છે, કેવળ રસ્તા ઉપર એ નિસિપાલનું ગ્યાસલેટનું ફાનસ બળે છે, તેનો ઝાંખો પ્રકાશ બારીમાંથી ડામાં પ્રવેશ કરીને ઓરડાની એક દીવાલના એક ભાગને અજવાળું ર. છે. તે ઝાંખા અંધકારમાં વિદ્યાર્થીઓ થોડીકવાર સુધી ચુપચુપ બેસીને કરૂણ રોવું સાંભળવા લાગ્યા. એકદમ તે શાંત નીરવતા તોડીને ઉચ્ચ

બાજથી સંભળાયું, " ભાઇ બોલો ભાઇ રામ. ભાઈ રામ ! "

તે વેળાએ એક જણાએ કહ્યું કે, "દીવો બાળ, હવે અંધારામાં બેસાતું નથી."

હરિદાસે કહ્યું, "અજવાળું અને અંધારૂં બે એક સરખું છે; જેમ જીવન અને મૃત્યુ. ત્યાં અજવાળું છે કે નહિ તે કોણ જાણે છે, અંધારૂં સહન કર !"

મણિભાઇ બોલ્યો, "જેવો હુકમ દાર્શનિક મહારાજ, હવે જરા ક્ષમા કરો. લલુભાઇ, દીવાસલાઇ ક્યાં છે તે કહો."

લલુભાઈએ જરા આમ તેમ જોઇને દીવાસલાઈ શોધી. હરિદાસે દીવો સળગાવવા જતાં ચીમની ભાગી, અને તે માટે જરા પણ ખીશિયાણો નહિ થતાં પોતાની ઓરડીમાંથી એક દીવો સળગાવીને લાવ્યો.

તે વેળાએ એક જણાએ કહ્યું. " હવે શું કરવું જોઇએ ? "

હરિદાસે કહ્યું, "જે નાશી જશે તે જીવશે. એટલા માટે ચાલો, આપણે બધા પોત પોતાને દેશ જઇએ."

મણિભાઈએ કહ્યું, " બીજો એક દહાડો જોઇએ. "

હરિદાસે જોરથી ખાટલાને મારીને બોલ્યો, " ખચીત, જ્યાં સુધી મનીઆર્ડર નહિ આવે ત્યાં સુધી ખચીત રહેવું પડશેજ.

સવારમાં ચાકરડીએ આવીને બહારનું બારણું ઠોક્યું. પરંતુ કોણ નીચે જઇને બારણું ઉઘાડે, કોઇ રીતે તેનો ફેસલો થયો નહિ. આખરે જ્યારે ચાકરડીનો મીજાસ ગરમ થવાની તૈયારી થઈ ત્યારે લલુભાઈ ઉઠીને દરવાજો ઉઘાડવા ગયો. હરિદાસ તેની જોડે ગયો.

જ્યારે ચાકરડીએ વાસણ માજવાનું શરૂ કર્યું ત્યારે તે દહાડે તે મહોલામાં શોળ, તેઓના મહોલામાં બાવીશ ત્યારે જેટલી મરણની ખબર તે રાખતી તે વિસ્તારિત ભાવથી તેનું વર્ણન કર્યું. ત્યાર પછી તે બોલી, "ભાઇઓ, તમે ઘેર જાઓ. જીવશો તો ઘણું ભણશો."

કલબમાં એક ભયની છાયા પડી.

૩

બીજે દહાડે બપોરે ત્રણ વાગે બધા એક ઓરડીમાં બેસીને વિચાર કરતા

હતા, શું કરવું જોઇએ ? એટલામાં હરિદાસે કૉલેજમાંથી પાછો આવીને ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે પૂછ્યું કે, "શું મારો મનિઆર્ડર આવ્યો છે.

મણિભાઇએ કહ્યું,"હું આખો દહાડો ઘરમાંજ છું. આવેલો તો જોયોનથી."

હરિદાસે ખાટલા ઉપર ચોપડીઓ મૂકીને પોતે ઓરડાના એક ખુણાપરની ખુરશી ઉપર બેસીને ગાવા લાગ્યો.

હરિદાસનો અવાજ સારો નહોતો. તેથી તેના સોબતીઓએ "સબુર કર સબુર કર" કહીને ગાનારનું મોં દબાવીને ધર્યું.

એવામાં એક પડીઓ ખાવાનું હાથમાં લઇને ચાકરડી તે ઓરડામાં આવી અને તે બોલી, "છોકરાઓ, મોતીભાઇની ઓરડીમાં જઇને જોયું તો તે ખાટલા ઉપર સૂતો છે. તાપથી પથારી શળગી ઉઠશે એવું જણાય છે. હું જાણુતી નહોતી ખાવાનું—"

ચાકરડીની વાત પૂરી નહિ થતાંમાંજ હરિદાસે એક કુદકો મારીને તેની પાસે જઇને એક પડીઓ પોતે લીધો. અને તેમાંથી એક ફરસી પુરી મોંમાં નાંખીને બોલ્યો, " માણેક ! તે માટે તને વિચાર કરવાની જરૂર નથી. અહિંયાં ખાનારા માણસ છે. ખાવાનું ખરાબ થશે નહિ. "

બીજા બધા મોતીભાઇને તાવ આવ્યો છે. તે સાંભળીને ઘણા ભયભીત થયા અને ઝડપથી તેની ઓરડીમાં ગયા. હરિદાસે કહ્યું , " ચાલ, હું પણ આવુંછું. ગાયન મેં રચ્યું છે, તે તમને સંભળાવું. "

મણિભાઇએ કહ્યું, "ગાયનને રહેવા દે. તું એકવાર ડાકટર હીરાલાલને બોલાવી લાવ."

હરિદાસે ખાવાનો પડીઓ લગભગ પૂરો કરીને પાણી પીને ડાકટરને બોલાવવા ગયો.

૪

મોતીભાઇની ઉમ્મર મોટી નહોતી, હજી જુવાનીની હદમાં પગ મૂકયો નહોતો. ધનવાનનો પુત્ર હતો. અમદાવાદમાં વિદ્યાર્થીઓની કલબમાં રહીને કૉલેજમાં ભણતો હતો.

બે ત્રણ દિવસથી તેનું શરીર કાંઇ ખરાબ થયું હતું. તેના આખા શરીરમાં વેદના થતી, પણ ઘણી નહોતી, માથું દુઃખતું હતું, અને ભૂખ લાગતી નહોતી. આવી રીતે એક બે દહાડા ગયા. આજે કલાસમાં તેને તાવ આવ્યો હતો. તાવવાળા શરીરે કૉલેજમાંથી ઘર ચાલતો આવીને તે બિછાના ઉપર સુતો હતો, તે તાવથી એવો દુર્બલ થઈ ગયો હતો કે, તે ક્લબના કોઇને પણ બોલાવી શકયો નહિ.

ડાકટર આવીને જોઇ ગયો. ગંભીર ભાવથી તેણે કહ્યું, "આજે કાંઇ કહેવાય નહિ. હું કાલે પાછો આવીશ."

વિદ્યાર્થીઓની કલબમાં ભયનો સંચાર થયો. બધા ધારવા લાગ્યા કે કદાચ શીતળા લાગુ પડયા હોય તો કોણ જાણે. પરંતુ કોઇ મનનો સંદેહ ખુલે ખુલ્લો મોંથી કહી શકતા નહોતા.

વીસીનીં ચાકરડી કામ કાજ કરીને રાતે પોતાને મુકામે જતી હતી, પરંતુ આજે તે પોતાને ઘેર ગઇ નહિ. મોતીભાઈની ઓરડીની ચાલમાં સૂઈ રહી. કલબના છોકરાઓમાં મોતીભાઇ બધાં કરતાં નાનો હતો. જણાય છે કે ચાકરડીની તેની તરફ જરા માયા હતી.

૫

બીજે દહાડે સવારે જાણવામાં આવ્યું કે, મોતીભાઇને શીતળા નીકળી છે. મધપુડાની ઉપર માટીનું ઢેફું ફેંકયાથી તેની જેવી અવસ્થા થાય છે, તેમ આ ખરાબ ખબર સાંભળીને ક્લબના છોકરાઓમાં ચંચળતા ઉત્પન્ન થઇ.

આઠ વાગે મણિભાઇનો મામો ભોગીલાલ ફરતા ફરતા આવીને સાંભળ્યું કે કલબમાં એક છોકરાને શીતળા નીકળી છે. તેણે મણિભાઇને ત્યાં રહેવાને સારૂં ધાર્યું નહિ. તેથી તે પોતાની સાથે પોતાને ઘેર લઇ ગયો. બીજા બધાઓએ પોતપોતાના દેશમાં જવાની તૈયારી કરી.

મોતીભાઇનો એક સગો મેડિકલ વિદ્યાર્થીઓની કલબમાં રહેતો હતો. તેને મોતીભાઇની સેવા ચાકરીનો ઉપાય કરવાને માટે એક ચીઠ્ઠી લખીને ક્લબના છોકરાઓ કોઇ ઇચ્છાથી, કોઈ અનિચ્છાથી, કોઇ પ્રાણ જવાના

ડરથી, કોઇ માબાપના સખ્ત હુકમથી પોતપોતાને દેશ જતા રહ્યા.

મંદવાડથી હેરાન થયલો, દર્દથી હેરાન થતો, મરણના ભયથી ભયભીત મોતીભાઇ મિત્રોથી અથવા સાથીઓથી છુટો થઇને દુરંત શીતળાના રોગના ફાંસામાં આત્મ સમર્પણ કરીને મૃત્યુની રાહ જોવા લાગ્યો.

રોગની બળતરાના કરતાં આ અસહાય અવસ્થા તેને વધારે દિલગીરીનું કારણ થયું હતું. તે વેળાએ સ્નેહકિરણ સમુજ્વલ નવાનગરના ઘરની વાત તેના સ્મરણના માર્ગે ચિતરાઇ હતી. વખતો વખત અશ્રુજળ તેના વસંત વ્રણ કંટકિત ફીકા ગાલપર વહેતા હતા.

મોતીભાઈએ અસહાય અવસ્થામાં, ચાકરડીએ તેનો ત્યાગ કર્યો નહિ. ચાકરડીને પોતાના જીવની માયા હતી કે નહિ તે કહી શકતા નથી: પરંતુ તે મોતીભાઈની માયા છોડી શકી નહિ. મોતીભાઇને એકલો મૂકીને તે પોતાને ઘર જઇ શકી નહિ. આખો દહાડો ખાધા વિના મોતીભાઇની સેવામાં લાગી રહી.

સાંઝે અસ્તમાન રવિકર મોતીભાઇના ખાટલા પાસે આવી પડયો, તેનું ફીકું મલિન મુખ તથા મીંચાયલી આંખો તડકાથી જરા કુંચિત થઇ. ચાકરડીએ ઉઠીને બારી બંધ કરી. બારી બંધ કરવાના અવાજથી મોતીભાઈએ એકવાર આંખથી જોયું, ચાકરડીને કહ્યું, " તું હજી સુધી બેઠી છે ? "

ચાકરડી બોલી, "આખો દહાડો તમે બેભાન હતા, હું શીરીતે તમને એકલા મૂકીને જાઉ? જરા એકલા રહો ભાઇ, હું આ ચીઠ્ઠી આપી આવું."

મોતીભાઇએ આતુર આંખથી, સન્દિગ્ધચિત્તથી ચાકરડીના મોં સામું જોયું, ત્યારપછી તેનું લુગડું ઝાલીને બોલ્યો, "બધા મને છોડીને જતા રહ્યા છે, માણેક, મને તમે છોડીને જશો ના !" આંસુથી તેનો તકિયો ભીનો થવા લાગ્યો.

ચાકરડી બોલી, " તમને છોડીને હું ક્યાં પણ જઇશ નહિ ભાઇ, એકવાર છોડો, ધીકાંટે છોકરાની વીસીમાં તમારો કોઇ પોતાનો સગો છે, તેને આ ચીઠ્ઠી આપી આવું."

રોગની બળતરા, શરીરની દુર્બલતા, મનનો ઉદ્વેગ તથા આશંકાથી મોતીભાઇને મનાઇ કરવાની શક્તિ નહોતી. તેની મુઠી ઢીલી થઇ ગઇ, અ-

નિચ્છા છતાં પણ છેડો મૂકી દીધો. મોતીભાઇએ આંખ મીંચીને પડખું ફરવાનો યત્ન કર્યો પણ તેમ કરી શક્યો નહિ.

ચાકરડીએ છેડાવતી આંખ લોહીને બોલી, "ભગવાન, બચાવ!" ત્યાર પછી ચીઠ્ઠી લઇને તે ધીકાંટે ગઇ.

સાંઝે ડાકટર હીરાલાલ મોતીભાઇને જોવા આવ્યો. ઉપર આવીને તે કલબમાંના કોઇને પણ જોઇ શક્યો નહિ. દરેક ઓરડીમાં શોધ કરી, પણ જન માનવનો ભેટો થયો નહિ. તે વેળાએ તેના મનમાં આવ્યું કે, ઘરમાં શીતળાનો રોગ પ્રવેશ થયો છે તે જોઇને છોકરાઓ કલબ છોડીને નાઠા હશે, પરંતુ શીતળાથી પીડાતો મોતીભાઇ ક્યાં ગયો? તેને કદાચ કોઇ સગાને ઘેર અથવા હાસ્પીતાલમાં મૂકી આવ્યાં હશે.

ડાકટર હીરાલાલ પાછો ફરતો હતો, એટલામાં શું મનમાં આવ્યું તેથી તે ફરી ઉપર જઇને મોતીભાઇની ઓરડીની તરફ ગયો.

તે અંધારી ઓરડીમાં હૃદયમાં તેના કરતાં વધારે અંધારાની આશંકા સંશય નિરાશાનો ભાર લઇને મોતીભાઈ બિછાનાની સાથે મળીને પડેલો છે. ડાકટર તેની અવસ્થાની કલ્પના કરીને દિલગીર થયો.

મોતીભાઈ ચમકીને ઉઠયો અને પછી તેણે પૂછ્યું, "કોણ માણેક!"

ડાકટરે કહ્યું, "નહિ હું ડાકટર છું."

મોતીભાઇએ દુબળા અવાજથી કહ્યું, "ત્યારે માણેક પણ ચાલી ગઈ. ડાકટર સાહેબ, મારૂં હવે શું થશે?"

ડાકટર પણ તેનો વિચાર કરતો હતો.

૬

એટલામાં દાદરાપર ચઢવાના કોઇના પગલાંના અવાજ સંભળાયા. ડાકટરે પૂછ્યું, "કોણ છે?"

ચાકરડી કંઇ જવાબ આપ્યા સિવાય તથા બોલ્યા ચાલ્યા વિના તે ઓરડામાં આવી. તેના હાથમાં પહેલાની પેલી ચીઠ્ઠી હતી.

ચાકરડીએ દીવો સળગાવીને ઓરડીના એક ખુણામાંની એક દીવી

લાવીને તેના ઉપર દીવો મૂકીને રોગીના બિછાનાની પાસે તે દીવી મૂકી.

મોતીભાઇએ પૂછયું, " રામશંકર આવ્યા નહિ ? "

ચાકરડી બોલી, " તેઓ તે મકાનમાં નથી. તે ઘરમાંથી બધા જતા રહ્યા છે. તે કયાં છે તે પણ કોઇ કહી શકતા નથી. મેં આસપાસના ઘરમાં તપાસ કરી પણ કંઈ પત્તો મળ્યો નહિ. ઘણી શોધ કરી પણ તેનું ઠેકાણું મળ્યું નહિ."

ડાકટરે પૂછયું, "રામશંકર કોણ છે ? "

મોતીભાઇએ કહ્યું, " તે મારો દૂરનો બનેવી થાય છે. "

ડાકટરે કહ્યું, " તમને ઘરમાં ખબર મોકલવી જોઇએ. તમારૂં ઘર કયાં છે ? "

મોતીભાઇએ કહ્યું, " નવાનગર. "

ચાકરડીએ શહેરનું નામ સાંભળીને જરા ચમકી, તે આતુરતાથી સાંભળવા લાગી.

ડાકટરે પૂછયું, "કિયા મહેલ્લામાં તમારા બાપ રહેછે. તે નામ કહો!"

" નાગરવાડો. "

ચાકરડી પોતાના મનમાં બોલતી હતી. નાગરવાડો નવાનગર.

ડાકટરે ચાકરડીની તરફ ફરીને પૂછયું, "નવાનગરમાં શું તારૂં ઘર છે?"

ચાકરડીએ ડાકટરના સવાલનો જવાબ આપ્યો નહિ, સમજાયો કે તે તરફ તેનું કોઇ પણ નહોતું. તે પથારીની પાસે બેસીને મોતીભાઇના માથાના વાળ બરાબર કરવા લાગી.

ડાકટરે કહ્યું, " હું તમારે ઘેર ટેલિગ્રાફ કરૂં છું, તમારા બાપનું અને તમારા દાદાનું નામ શું ? "

મોતીભાઇએ કહ્યું, " મારા બાપનું નામ સારાભાઇ લલુભાઇ, "

સારાભાઇ લલુભાઇનું નામ સાંભળીને ચાકરડી ફરી ચકિત થઇ. ત્યાર પછી ડાકટરને તેણે કહ્યું, " ડાકટર સાહેબ, રૂપીઆને માટે વિચાર કરશો ના, ભાઇને તમે સારો કરો. આ ગળામાંનો દોરો વેચો, એના બસો રૂપીઆ આવશે, તે શું પૂરા થશે નહિ?"

ડાકટરે કહ્યું, "રૂપીઆને માટે વિચાર કરતો નથી. દુરંત રોગ છે, તમે બાઇ માણુસ છો. એકલાં શું કરશો. ?"

ચાકરડી બોલી, "તેને માટે તમે ચિંતા કરશો ના, હું અહીંથી ખસીશ નહિ. પ્રતિષ્ઠિત માણુસનો છોકરો શું પરદેશમાં આ વિપદમાં એકલો રહે !"

ડાકટરે કહ્યું, "હાસ્પીટલમાં મોકલ્યાથી સર્વ બાજુએ ઠીક થાય."

હાસ્પીતાલનું નામ સાંભળીને મોતીભાઇ થર થર કાંપવા લાગ્યો. ચાકરડીએ દઢસ્વરથી કહ્યું, " તેમ થશે નહિ. હું કોઇ રીતે બાઇને હાસ્પીતાલમાં મોકલીશ નહિ.તમે જો નહિ જુઓ તો હું બીજા ડાકટરને બોલાવી લાવીશ."

ઘણી તકરારો કર્યા પછી નક્કી થયું કે મોતીભાઇ કલબના ઘરમાં રહે. ડાકટરના ઘેરથી તેને માટે ખાવાનું લાવવામાં આવે અને ચાકરડી તેની સેવા ચાકરી કરે.

૭

ડાકટરે મોતીભાઇના પિતાને ટેલિગ્રાફ કર્યો. તેની જોડે કાગળ પણ લખ્યો.

દિવસ પર દિવસ ગયા, અઠવાડિયું ગયું, ધીરે ધીરે પખવાડિયું પૂર્ણ થયું. પરંતુ મોતીભાઇનો બાપ આવ્યો નહિ. એકે કાગળ પણ મળ્યો નહિ. ડાકટર હીરાલાલ આશ્ચર્ય પામ્યો. પરંતુ ચાકરડીએ વધારે આશ્ચર્ય પ્રકાશ કર્યો નહિ. તે હમેશાં પેલા ડોસાને ગાળો દેવા લાગી.

ચાકરડીને ઊંઘ આવવી તો એક બાજુએ રહી, પણ ઝોકાં પણ આવતાં નહોતાં, રાત દહાડો રોગીના પગની તરફ બેસીને મોતીભાઇની સેવા ચાકરી કરવા લાગી. રાત દહાડો પંખાથી વા નાખીને પણ તેના હાથ જડ થઇ જતા નહોતા, બેઠા બેઠા તેને થાક ઉત્પન્ન થતી નહોતી. શીતળાનું પરૂ, લોહી પોતે ઘણી ખુશી સાથે સ્વચ્છ કરતી હતી, તેમાં તેને તિરસ્કાર થતો નહોતો. જણાય છે કે મા પણ પોતાના પેટના છોકરાંને માટે આટલું કરી શકતી નથી.

ડાકટર અજાણી ચાકરડીની આવી અપૂર્વ પરાર્થપરતા જોઇને પહેલા આશ્ચર્ય થયો, પછી મુગ્ધ થયો. તે પોતાના મનમાં વિચાર કરતો કે આ માનવી છે કે દેવી છે ?

આવી રીતે લગભગ ત્રણ અઠવાડિયાં ગયાં. જમની જોડે લડાઇ કરીને ડાકટર હીરાલાલે મોતીભાઇને ખેંચી લીધો. જ્યારે ચાકરડીએ સાંભળ્યું કે, મોતીભાઇ ભય વગરનો થયો છે, ત્યારે તેને ખુશીનો પાર રહ્યો નહિ, તેણે ડાકટરના પગ નીચે પડીને આંખના પાણીથી તેના જોડા ધોઈ નાખ્યા.

૮

જ્યારે ડાકટર હીરાલાલે મોતીભાઇના બાપપર ટેલીગ્રાફ કર્યો હતો, ત્યારે તેનો બાપ ખંભાળિયે કંઈ કામને માટે ગયો હતો. ટેલિગ્રાફ ડીફરટ હતો. તેથી પોસ્ટવાળો સિપાઇ સારાભાઇ લલુભાઈના નામનો ટેલીગ્રાફ તેના ચાકરના હાથમાં આપીને ગયો. ચાકરે એક લુગડામાં વીંટાળીને છાપરાના વાંસમાં મૂકીને તે ફરી ગાયની સેવામાં લાગ્યો. ત્યારપછી તેને કંઈ સાંભર્યુ નહિ.

કાગળ યથાસમય સારાભાઇને ત્યાં પહોંચ્યો હતો, પરંતુ તે પણ ઘરધણીઆણીના હાથમાં પડીને ટેલીગ્રાફની દશાના જેવો થયો. પ્રભેદમાં ટેલીગ્રાફ ગાયના ગોઢામાં અને પત્ર રાંધણીઓના વાંસના છાપરામાં બેરવેલા વિરાજ કરવા લાગ્યા.

પંદર દહાડે સારાભાઇ ખંભાળિયાથી પાછા આવ્યા. તેના બે દિવસ પછી સારાભાઇને જમાઇની તરફથી એક કાગળ આવ્યો. સારાભાઇ તે કાગળ હાથમાં લઇને પોતાની સ્ત્રીને કન્યાના સમાચાર આપવાને રાંધણીયામાં ગયા. પોતાના સ્વામીના હાથમાં કાગળ જોઇને યાદ આવ્યું કે બીજો એક કાગળ છાપરાના વાંસમાં ખોસેલો છે. ત્યારે તે ધૂવાડાથી મેલો થયલો કાગળ બહાર કાઢીને તેણે પોતાના સ્વામીના હાથમાં મૂક્યો. સારાભાઈ કાગળ ઉખેડીને વાંચતાં વાંચતાં. માથા ઉપર હાથ મૂકીને બેસી ગયો.

૯

જે દિવસે સારાભાઇ લલુભાઇ અમદાવાદ પહોંચ્યા તેને આગલે દિવસે ચાકરડીને ઘણો તાવ આવ્યો હતો. ડાકટર હીરાલાલ સમજ્યો કે, શીતળાના રોગીની સેવા કરીને ચાકરડીને શીતળાનું ઝેર લાગું પડયું છે. બીજે દહાડે ડાકટરનો સંદેહ બરાબર ઉતર્યો.

તે વેળાએ મોતીભાઇ બિછાનામાં હતો. વૃદ્ધ પિતા જીવ તોડથી તેની સેવા ચાકરી કરવા લાગ્યો. તોપણ તે વારંવાર પૂછતો હતો " માણેક ક્યાં છે?"

વૃદ્ધને ચાકરડીની સેવા ચાકરી કરી સંભવતી નથી. તે પોતાના માંદા છોકરાને લઇનેજ આતુર હતો. વિશેષ કરીને નવાનગરમાં મોતીભાઇની મા ફીકરમાં મરવા જેવી થઇ છે. મોતીભાઇ જરા સારો થાય તો તેનો બાપ તેને નવાનગરમાં લઇ જાય. મોતીભાઈ જાણતો હતો કે ચાકરડીને તાવ આવ્યો છે. તે વખતો વખત ચાકરડીને જોવાની બહુ ઇચ્છા રાખતો હતો. વૃદ્ધ તેને વિવિધ સંતોષના વાક્યથી કહેતો કે તે ઠીક છે.

ચાકરડીને લઇને વૃદ્ધ મોટી મુશ્કેલીમાં પડયો. ચાકરડીના જીવતોડ યત્નથી પુત્રનો જીવ બચ્યો છે, તે તેને અજાણ્યું નહોતું. એ અવસ્થામાં તેને હાસ્પીતાલમાં મોકલવામાં તે સ્વભાવતઃ જરા અચકાયો. પરંતુ પોતે પણ શીતળાના જેવા ચેપીરોગના સંસ્પર્શમાં જઈ શકતો નહોતો. અને તેને અમદાવાદમાં રહેવું એ પણ સંભવતું નહોતું. બે વખત રસોઇ કરીને ખાવું પડતુ હતું, માંદા છોકરાની સેવા ચાકરી કરતાં જીવ કંઠે આવતો, શી રીતે અમદાવાદમાં રહેવાય. કષ્ટ તથા સુપ્રકૃત્તિ, બેઉના સંગ્રામમાં આખરે કષ્ટનો જય થયો. વૃદ્ધ ચાકરડીને હાસ્પીતાલમાં મોકલી દીધી. મનમાંને મનમાં નક્કી કર્યું કે જો તે જીવે તો તેને હવે ચાકરડીનું કામ કરવા દઇશ નહિ.

૧૦

ડાક્ટર હીરાલાલે કહ્યું, "હવે તમે મોતીભાઇને નવાનગરમાં લઇ જઇ શકો છો."

મોતીભાઇએ સાંભળીને કહ્યું, " માણેક ક્યાં છે?"

તે વેળાએ મોતીભાઇને બધી વાત સ્પષ્ટ કહેવી પડી.

આ સાંભળીને મોતીભાઇ ઘણો વખત સુધી સ્તંભિત થઇ રહ્યો. ત્યાર પછી થોડીવાર સુધી વૃદ્ધ પિતાના ચહેરા સામુ એક ટસથી જોવા લાગ્યો. તે કંઇ કહેવા જતો હતો પણ બોલી શક્યો નહિ, કેવળ તેના ફીકા, સુકાયલા શીતળાના ઘાથી ભરેલા બે ગાલપરથી પાણીની ધારા પડવા લાગી.

મોતીભાઇએ કહ્યું, "માણેકને નહિ જોતા હું કદીપણ ઘર આવીશ નહિ.'

પુત્રના વાક્યહીન તિરસ્કારથી વૃદ્ધ ઘણોજ મર્માહત, સંકુચિત, લજ્જિત થયો હતો. પોતે પોતાની આગળ અપરાધી સમજતો હતો. વૃદ્ધપણું પોતાને વધારે સમજદાર સમજે છે ખરા, પરંતુ સરળ નિઃસ્વાર્થ ભાવની પાસે તે પણ સંકુચિત થઇ જાય છે.

દુર્બળ માંદા પુત્રને ચેપીરોગના બીજથી ભરેલી હાસ્પીતાલમાં લઇ જવાની વૃદ્ધની મુદલે ઇચ્છા નહોતી. પરંતુ મોતીભાઇ કોઇ રીતે રોકાયો નહિ. લાચારીથી વૃદ્ધ તેને લઇને હાસ્પીતાલ તરફ જવા નીકળ્યો.

૧૧

ઘણી મહેનતને ઉપરીઓની અનુમતિ મેળવીને વૃદ્ધ તથા મોતીભાઇ શીતળાના વાડમાં ગયા.

ચાકરડીને હવે જીવવાની આશા નહોતી, તેનું શરીર અવસન્ન, જીવની શક્તિ શૂન્ય થતું આવ્યું છે, પરંતુ તે વેળાએ પણ તેનું જ્ઞાન એકીવારે વિલુપ્ત થયું નહોતું.

મોતીભાઇ તેના બિછાનાની પાસે જઇને નબળા અવાજે તેણે પૂછ્યું, " માણેક ! કેમ છે ? "

ચાકરડીએ આંખ ઉઘાડીને જોયું; તેના મરણ છાયાવાળા મલિન ચહેરા પર અપૂર્વ આનંદ જ્યોતિ પ્રતિભાસિત થઇ પડી. તે ધીરે ધીરે બોલી, " તમે અહિં શામાટે આવ્યા છો, તમે જાઓ, એકવાર તમને યમના મોંમાંથી ખેંચી લાવી છું–"

મોતીભાઈ રોતાં રોતાં બોલ્યો, " તમે મને પ્રાણ આપ્યો છે, મારો રોગ તમે પોતે લીધો છે, મારે માટેજ–"

ચાકરડીએ મોતીભાઇનું બોલવું પૂરૂં થવા દીધું નહિ. તેની બેઠી ગગલી આંખમાં અપૂર્વ જ્યોતિ, રોગશીર્ણ મોંપર સ્વર્ગીય પ્રકાશ,–તેણે મોતીભાઇને કહ્યું, " તમે ચિરંજીવી થાઓ ભાઈ, મારે મરવાની ઉમ્મર થઇ છે, મરવામાં દુઃખ નથી. આ સમયે ભગવાને જે મને તમારી સેવા કરવાનો મોકો

આપ્યો છે, તે મારૂં ભાગ્ય છે. તમારા બાપને કહેજો."

મોતીભાઈએ કહ્યું, " પિતાજી પણ જોવા આવ્યા છે. પિતાજી !"

સારાભાઈ કુંઠિત ભાવથી તેની પાસે ગયો. તે વેળાએ તેના મનમાં અનુશોચનાનો ઉદય થયો હતો. કદાચ અયત્નથી આ દયાવતી નારીનો પ્રાણ ગયો. કદાચ ઘરમાં રાખીને દવા દારૂ કરાવ્યાથી તે પુત્રની પ્રાણદાત્રીનો જીવ બચાવી શકત અપરાધીના પ્રમાણે જડિત કંઠથી બોલ્યો, "હું આ જીવનમાં તમારો ઉપકાર ફેડી શકીશ નહિ. તમારૂં ક્યાં ઘર છે, ત્યાં તમારૂં કોણ છે તે કહો, કોને જોવા ચહાછો તે કહો, હું તમારી ઇચ્છા અપૂર્ણ રાખીશ નહિ."

ચાકરડીએ એકવાર તાકીને જોયું. ત્યાર પછી ઘણી મુશ્કેલથી જખમથી ભરેલા બે હાથ જોડીને વૃદ્ધને પ્રણામ કર્યા. ત્યાર પછી તે ધીરે ધીરે બોલી, "મહારાજ, મને ઓળખી શકો છો ?"

વૃદ્ધે તીક્ષ્ણ દૃષ્ટિથી તાકીને જોયું પણ તેનો માતાના દાણાથી તથા પરૂથી ભરપૂર ચહેરો તેનો ઓળખીતો જણાયો નહિ. મનમાં આશ્ચર્યનો તથા ઉદ્વેગનો કિયો પ્રવાહ વધારે છે તે પણ તે સમજી શક્યો નહિ. આશ્ચર્ય થઇને બોલ્યો, " નહિ."

ચાકરડી બોલી, "મારૂં નામ માણેક છે. આજે વીશ વર્ષ થયાં, આપે મારી ખરાબી કરી હતી. વિધવાનું સત્યાનાશ વાળ્યા છતાં પણ આપની તૃપ્તિ થઇ નહોતી, તેથી મારા પેટના ધનને આપે નાશ કર્યું હતું. તે વાતનું શું સ્મરણ થાય છે.?"

વૃદ્ધ ચુપચુપ જમીન ઉપર આંખ તાકીને ઉભો રહ્યો. ત્યારે જમીન ઉપર તેની અતીત કહાણી ચિત્રિત થયેલી જુએ છે.

ચાકરડી જરા કોશેશ કરીને ફરી કહેવા લાગી, " આપનું માન બચાવવા માટે દુઃખિનીનાં પુત્રનો નાશ કરીને આપે મને દેશમાંથી હાંકી કાઢી હતી. આજે હું આપના છોકરાને આપના ખોળામાં આપીને જાઉં છું. મને આપણા પગની રજકણ આપો."

સ્તંભિત વજ્રાહત પુત્ર તથા ચિત્રાર્પિતવત્ નિર્વાક નિઃસ્પન્દ પિતાની સામે માણેકનો પાર્થિવ દુઃખનો છેડો આવ્યો.

મોતી.

પ્રકરણ ૧ લું.

હરગોવંદદાસના મર્હૂમ મુનિમની પૌત્રી, હમણાના મુનિમની સ્ત્રી મોતી અશુભ મુહૂર્ત્તમાં શેઠને ત્યાં લગ્નના નોતરામાં આવી હતી.

તેની પહેલાનો ઇતિહાસ ટૂંકામાં કહી રાખ્યાથી વાતની સ્પષ્ટતા આવશે.

હમણાં હરગોવંદદાસ મર્હૂમ છે અને તેનો મુનિમ બાળમુકંદદાસ પણ મર્હૂમ છે, કાળના બોલાવ્યા પ્રમાણે બેઉમાંથી કોઇ પોતાની જગાએ સશરીરે નથી. પરંતુ જ્યારે તેઓ હતા ત્યારે બેઉ વચ્ચે બંધન અત્યંત દૃઢ હતું. જ્યારે માબાપ વગરના બાળમુકંદને કોઈ ગુજારો કરવાનો રસ્તો નહોતો, ત્યારે હરગોવંદદાસે કેવળ તેનો ચહેરો જોઇને તેનાપર વિશ્વાસ મૂકીને તેના ઉપર પોતાના નાના સરખા વેપારની દેખરેખ કરવાનો બોઝો મૂકયો. કાળે કરીને સાબેત થયું કે, હરગોવંદદાસે તેમાં ભૂલ કરી નહોતી. જેમ નાના કીડા વલ્મીક બનાવે છે, જેમ સ્વર્ગની ઇચ્છા રાખનાર પુણ્ય સંચય કરે છે, તેમ બાળમુકુંદ લાગટ પરિશ્રમથી હળવે હળવે હરગોવંદદાસનો વેપાર વધારવા લાગ્યો અને રૂપીઆમાં વધારો થવા લાગ્યો. આખરે તે પુષ્કળ જાતના વેપાર કરીને લાખો રૂપીઆની ઉથલપાથલ કરવા લાગ્યો. અને કેટલાક જમીનદારના ગામ ધરેણે લઇને તથા નાણાવટનો વેપાર કરીને બહુ પ્રખ્યાત થયો. બજારમાં હરગોવંદદાસની બહુ આંટ પડી. અને મોટા વેપારીમાં ખપવા લાગ્યો. શેઠની ચઢતીની સાથે વાણોતરની પણ ચઢતી થઇ, ધીરે ધીરે બાળમુકુંદે ઘર બનાવ્યું, પછી કેટલાક નાના નાના ઘરો વેચાતા લઇને તેનું ભાડું ખાવા લાગ્યો. તેમજ તેમની ન્યાતમાં મોટા ગણાવવા લાગ્યો. શહેરના મોટા વેપારીઓ તેને મુનિમજી કહી બોલાવતા હતા.

આજ મર્હૂમ કાળનો ઇતિહાસ છે. હાલમાં હરગોવંદદાસને એક દત્તક

લીધેલો છોકરો છે, તેનું નામ વનમાળીદાસ છે. અને બાળમુકુંદદાસનો પોત્રીનો વર બહેચરદાસ તેના મુનિમનું કામ કરે છે. બાળમુકુન્દ પોતાના પુત્ર હરિદાસના ઉપર વિશ્વાસ રાખતો નહોતો. એથી બુઢાપામાં પોતે જ્યારે કામ છોડી દીધું, ત્યારે પુત્રને મુનિમગીરી નહિ અપાવતાં પોત્રીના વર બહેચરદાસને પોતાના કામપર લગાડયો.

કામકાજ સારૂં ચાલે છે, જેમ પહેલાં હતું, તેમ હમણાં પણ ઘણું કરીને ચાલે છે. ફક્ત એક વિષયમાં જરા ફેર પડયો છે, હવે શેઠ વાણોતરનો સંબંધ કેવળ કામકાજનો છે. અન્તઃકરણનો સંબંધ નથી. પહેલા રૂપીઆ સસ્તા હતા અને અન્તઃકરણ પણ કંઇક સુલભ હતું. હવે સર્વ સંમતિથી અન્તઃકરણનો નકામો ખર્ચ એકદમ બંધ થયો છે; ઘણાજ પાસેના સગાંવહાલાંના ભાગમાં ખેંચાખેંચી થાય છે, તો બહારના માણસોને કયાંથી મળે ?

શેઠના ઘરમાંના લગ્નમાં બાળ મુકુન્દદાસની પોત્રી મોતી ગઇ.

સંસાર કૌતુહલ ભાગ્યની રાસાયનિક પરીક્ષાશાળા છે. અહિંયાં કેટલાક વિચિત્ર–ચરિત્રનાં માણસો એકઠાં થઇને તેઓના સંયોગ વિયોગથી હમેશાં કેટલાક ચિત્રવિચિત્ર નહિ જણાયલા ઇતિહાસ બને છે તેની ગણતરી થઇ શકતી નથી.

આ લગ્નના સમારંભમાં, આ આનંદદાયક કામમાં બે જાતના માણસો જોવામાં આવ્યાં અને જોતાં જોતાં સંસારના લાગટ જાળ ગુંથવામાં એક નવા રંગની સુતેલી નીકળી પડી અને એક નવી રીતની ગાંઠ પડી ગઇ.

બધાનું ખાવાનું પૂરૂ થયા પછી મોતી બપોરે શેઠના ઘેર ગઇ હતી. વનમાળીની સ્ત્રી પાર્વતીએ જ્યારે મોડી આવવાનું કારણ પૂછ્યું ત્યારે મોતી ઘરમાં ઘણું કામ હોવાનું, તબીયત સારી નહિ હોવાનું વગેરે ત્રણ ચાર કારણ દેખાડયાં, પણ તે કોઇને પણ બરાબર લાગ્યું નહિ.

જો કે ખરૂં કારણ મોતીએ છુપાવ્યું હતું, તોપણ તે સમજવાને કોઇને પણ બાકી રહ્યું નહિ. તે કારણ એ હતું, હરગોવંદદાસ શેઠ ધનવાન હતા ખરા પણ કુળ મર્યાદામાં બાળ મુકુન્દદાસના કરતાં કંઇક ઓછા હ-

વા. મોતી તે મોટાઈ ભૂલી નહોતી. તે વાસ્તે શેઠના ઘરમાં જલદી ગ-યાથી બીજાની જોડે ખાવું પડે એ ડરથી તે મોડી ગઇ હતી. તેની મત-લબ સમજીને તેને ખાવા માટે ખોશ કરી હતી પરંતુ મોતી હટી જાય એવી સ્ત્રી નહોતી, તેને કોઇરીતે ખવાડી શકી નહિ.

એકવાર હરગોવંદદાસ તથા બાળમુકુન્દદાસની હૈયાતીમાં કુળ મર્યાદા લઇને મોટો વાદવિવાદ થયો હતો. તે બનાવનો પ્રસંગ અહિં આપવામાં આવે છે.

મોતી રૂપવાન છે. આપણી ભાષામાં સુંદરીની સાથે સ્થિર વિજ-ળીની તુલના પ્રસિદ્ધ છે. તે તુલના ઘણી ખરી જગાએ લાગુ પડતી નથી, પણ મોતીને લાગુ પડે છે. મોતી જાણે પોતામાંથી એક પ્રબળ વેગ અને પ્રબળ જવાળા સહજ શકિતથી એટલે ગાંભીર્યબળથી ઘણી સહેલાઇથી બાંધી રાખી છે. વિજળી તેના મોંપર આંખપર અને આખા શરીરમાં નિ-ત્સકાલ પકડીને નિસ્તબ્ધ થઇ રહી છે. અહિંયાં તેની ચપળતા નિષિદ્ધ છે.

આ સુંદર છોકરીને જોઇને બાળમુકુન્દદાસે પોતાના દત્તક લીધેલા છો-કરાની સાથે તેની સગાઇ કરવાનું માગું હરગોવંદદાસને કર્યું. શેઠની મર્યાદા રાખવામાં હરગોવંદદાસ કોઇ રીતે ઓછો નહોતો; તે શેઠને માટે જીવ આપી શકતો હતો, અને તેમની હાલતની ગમે તેટલી ચઢતી થાય અને શેઠ તેની તરફ મિત્રની પેઠે વ્યવહાર કરીને તેને ગમે એટલો ચઢાવે તે કદી પણ ભૂ-લમાં તથા સ્વપ્નામાં પણ શેઠને માન આપવામાં ભૂલનાર નથી. શેઠની સામે એટલુંજ નહિ પણ શેઠના પ્રસંગમાં તે નીચો નમી શકે છે, પરંતુ આ લગ્નના માગામાં કે કોઇ રીતે રાજી થયો નહિ, શેઠને માન આપવાનું જે દેવું છે, તે બદામે બદામ ફેંડતો હતો. કુલ મર્યાદાનું લેણું તે શામાટે છોડે ? બાળમુકુન્દદાસના પુત્રની જોડે તેણે પોતાની પોત્રીનું લગ્ન કરાવ્યું નહિ.

મુનિમનો આ કુળગર્વ બાળમુકુન્દદાસને સારો લાગ્યો નહિ. તેણે આશા રાખી હતી કે આ માંગણીથી તેના ભક્ત વાણોતરના ઉપર કૃપા પ્રકટ કરવામાં આવે છે, જ્યારે હરગોવંદદાસ તે માંગ્યું. તે રીતે સમજ્યો નહિ. ત્યારે બા-ળમુકુન્દદાસ કેટલાક દહાડા સુધી તેની જોડે બોલવું બંધ કરીને તેને ઘણું

મનનું કષ્ટ આપ્યું હતું. શેઠનો આ ગુસ્સાવાળો ભાવ બાળમુકુન્દને છાતીમાં મૃત્યુના કાંટા જેવો ખુંચતો હતો તથાપિ તે પોતાની પૌત્રીની જોડે એક મા-બાપ વગરના ગરીબ પણ કુળવાન છોકરાની જોડે લગ્ન કરાવીને તેને પોતાના ઘરમાં પાળીને પોતાના પૈસાથી કેળવણી આપવા લાગ્યો.

તે કુળમદથી ગર્વિત દાદાની પૌત્રી મોતી પોતાના ધણીના શેઠને ત્યાં ગઇ પણ ત્યાં ખાધું નહિ, તેથી તેની શેઠાણી પાર્વતીના અન્તઃકરણમાં સુમધુર પ્રીતિરસ ઉત્પન્ન થયો નહિ એ કહેવું નકામું છે. જ્યારે મોતીની ઘણીક સ્પર્ધા પાર્વતીની અદેખાઇવાળી કલ્પનાની આંખપર પ્રકાશ થવા લાગી.

પહેલું, મોતી પુષ્કળ ઘરેણાં પહેરીને ઘણી સુંદર બનીને આવી હતી. શેઠના ઘરમાં આટલો ઐશ્વર્યનો આડંબર કરીને શેઠની જોડે સરખાપણું દેખાડવાની જરૂર શી હતી ?

બીજું, મોતીને રૂપનો ગર્વ હતો. મોતીનું રૂપ હતું, તે વિષયમાં સંદેહ નહોતો. અને નીચલી પંક્તિના માણસોમાં આટલું વધારે રૂપ રહેવું અનાવસ્યક છે અને તે ગેરવાજબી થઇ શકે છે પણ તેનો ગર્વ સંપૂર્ણ પાર્વતીની કલ્પના હતી. રૂપને માટે કોઇને પણ અપરાધી કરી શકાતું નથી, એ વાસ્તે નિંદા કરવી પડે તો લાચારીથી ગર્વનો પ્રસંગ કાઢવો પડે છે.

ત્રીજું, મોતીની દાંભિકતા હતી, ચાલતી ભાષામાં જેને મીજાસી કહે છે. મોતીમાં એક જાતનું સ્વાભાવિક ગાંભીર્ય હતું; ઘણાજ ઓળખીતા માણસના વિના તે કોઇની જોડે ગાઢો સંબંધ કરી શકતી નહોતી. તેના સિવાય પોતે જઇને વાત ચીત કરવી, આગળ પડીને બધા કામમાં હાથ નાખવો તે પણ તેના સ્વભાવ સિદ્ધ નહોતું.

આવી રીતે નાના પ્રકારના વગર પાયાના તથા પાયાનાં કારણો પાર્વતી ધીરે ધીરે તપાસવા લાગી અને વગર જરૂરનું કારણ પકડીને મોતીને અમારા મુનિમની બાઇડી, અમારા પહેલાના મુનિમની પૌત્રી કહીને વારંવાર ઓળખાણ આપવા લાગી. પોતાની એક પ્રિય બોલનારી ચાકરડીને શીખવ્યું તે મોતીની પાસે જઇને ગાઢા બહેનપણીના ભાવે તેનાં

ઘરેણાં હાથમાં લઇને ફેરવી ફેરવીને તેના વિશે સમાલોચના કરવા લાગી, ગળાની મોહનમાળા તથા મોતીની બંગડીની પ્રશંસા કરીને પૂછ્યું, " કેમ બહેન, આ શું ગીલ્ટ કરેલા છે, આ શું ખોટા મોતીની બાંગડી કે ? " મોતીએ ઘણું ગંભીર મોં કરીને કહ્યું, " નહિ, એ પિતળની છે ! " પાર્વતીએ મોતીને સંબોધીને કહ્યું, " મોતી ! તું અહિં એકલી ઉભી ઉભી શું કરે છે? આ નારિયલ તથા સોપારી લઇને બહાર મણિભાઇના માણસને આપી આવ. થોડે છેટે ઘરની ચાકરડી ઉભી હતી. મોતી કેવળ થોડી પળને માટે પોતાની વિપુલ પાપણની છાયાથી ગંભીર ઉદાર દૃષ્ટિ ફેંકીને પાર્વતીના ચહેરા સામું જોયું અને તરત ગુપચુપ મોટા કડકામાં બાંધેલા નારીયલ તથા સોપારી લઇને બહાર લઇ જવા માટે નીકળી. જેને આ બધું મળ્યું હતું તે ગભરાતી બોલી, " તમે શા માટે લઈ જવાનું કષ્ટ કરો છો, મૂકો આ બાઇડીના હાથમાં આપો. " મોતી તેમાં રાજી નહિ થતાં બોલી, " એમાં વળી કષ્ટ શેનું ? " બીજી કહેવા લાગી, " ત્યારે બહેન મારા હાથમાં આપો. " મોતી બોલી, " નહિ હુંજ લઇ જઇશ. " આવું કહીને જેમ અન્નપૂર્ણા સ્નિગ્ધ ગંભીર ચહેરેથી સમુચ્ચ સ્નેહથી ભક્તને પોતાના હાથથી અન્ન આપી શકે છે, તેમ અટલ સ્નિગ્ધ ભાવથી તે નારીયલ સોપારી મણિભાઇના ચાકરને આપી આવી અને તે બે મીનિટના સંગતથી મણિભાઇની ધનવાન વહુ આ થોડી બોલનારી, થોડી હસનારી મોતીની સાથે જન્મને માટે પ્રાણનું સખિત્વ સ્થાપવાને માટે મન ઉચ્છ્વસિત થઇ પડયું.

આવી રીતે પાર્વતીએ સ્ત્રીજન સુલભ નિર્દય નૈપુણ્યની સાથે જેટલા અપમાનના બાણ વરસાવ્યાથી મોતી તેમાંથી એક પણ પોતાના શરીર ઉપર દીધા નહિ, બધા તેના અકલંક સમુજ્વલ સહજ તેજસ્વિતાના સખ્ત બખતરમાં લાગીને પોતાની મેળે ભાગી ભાગીને નીચે પડયા. તેની ગંભીર અવિચલતા જોઇને પાર્વતીનો ગુસ્સો વધવા લાગ્યો અને મોતી તે સમજી શકયાથી લાગ જોઇને કોઇને કાંઈ નહિ કહેતા ઘેર જતી રહી.

પ્રકરણ ૨ જું.

જેઓ શાંત ભાવથી સહન કરે છે, તેઓ ગભીરતર રૂપથી જખમી થાયછે. અપમાનના મારથી જો કે મોતી ઘણી અવજ્ઞાથી દરકાર વગરની થઇ હતી, તથાપિ તે તેના અંતરમાં વાગ્યું હતું.

જેમ મોતીની જોડે વનમાળીદાસની સગાઇનું માગુ આવ્યું હતું, તેમ એક વખત મોતીના એક છેટના મસીયાઇ ભાઇ રામદાસની જોડે પાર્વતીની સગાઇનું માગુ થયું હતું, તે રામદાસ હમણાં વનમાળીદાસને ત્યાં એક ગુમાસ્તાનું કામ કરે છે. હમણાં મોતીને યાદ આવ્યું, નાનપણમાં એક દહાડો પાર્વતીના બાપે પાર્વતીને જોડે લઇને પોતાના દાદાને ઘેર આવીને રામદાસની જોડે તેની કન્યાની સગાઇને માટે બાળમુકુન્દદાસને ઘણું સમજાવ્યું હતું. તે ટાણે નાની છોકરી પાર્વતીની અસામાન્ય બોલ ચાલથી બાળમુકુન્દદાસના ઘરના બધાં માણસોને આશ્ચર્ય કર્યા હતાં, અને તેની તે કવખતની પકવતાની પાસે શરમાળ મોતી પોતાને ઘણીજ અક્ષમા લાયક મૂર્ખ સમજી હતી. બાળમુકુન્દ આ છોકરીના લાગટ બોલ ચાલથી અને ચહેરા પરથી ઘણો ખુશી થયો હતો પરંતુ કુળમાં જરા ફેરફાર હોવાથી રામદાસની જોડે એનાં લગ્નનો સંબંધ બાંધવાને તૈયાર થયો નહિ. આખરે તેનીજ પસંદગીથી અને તેનાજ યત્નથી હલકાં કુળના વનમાળીની જોડે પાર્વતીનું લગ્ન થયું હતું.

આ બધી હકીકત યાદ આવ્યાથી પણ મોતીને કંઈ પણ સાંત્વના મળી નહિ, ઉલટો અપમાન વધારે થયો છે તે ખુંચવા લાગ્યો. મહાભારતમાં વર્ણન કરેલી શુક્રાચાર્યની કન્યા દેવયાની અને શર્મિષ્ઠાની કહાણી યાદ આવી. જેમ દેવયાની તેના શેઠની કન્યા શર્મિષ્ઠાનો ગર્વ તોડીને તેને ચાકરડી કરી હતી, તેમ જો મોતી કરી શકત, તોજ યથાયોગ્ય વિધાન થાત. એક વખત હતો જ્યારે દૈત્યની પાસે દૈત્યગુરૂ શુક્રાચાર્યના જેવો શેઠ હરગોવંદના કુટુંબની પાસે તેના બાપનો બાપ બાળમુકુન્દ ઘણોજ જરૂરનો હતો, ત્યારે તે જો ઇચ્છા કરત તો હરગોવંદને હીનતા કબુલ કરાવી શકત, પરન્તુ તેજ

હરગોવંદ વેપાર વણજની ચડતીની છેલ્લી સીમામાં લાવીને સર્વ જાતનો સારો બંદોબસ્ત કરી ગયો હતો એટલા માટે આજે તેને સ્મરણ કરીને શેઠને કૃતજ્ઞ થવાની જરૂર નથી. મોતીએ મનમાં ધાર્યું કે કેટલાક ગામ તેના બાપનો બાપ વગર હરકતે પોતાને માટે વેચાતા લઇ શકત, તે વેળાએ તેને તે લેવાનું સામર્થ્ય ઉત્પન્ન થયું હતું, તેમ નહિ કરતાં તે ગામો શેઠને માટે વેચાતાં લીધાં, એ એક જાતનું દાન કરેલા છે તે વાત શું આજે તે શેઠના વંશમાંના કોઇએ યાદ રાખ્યું છે? અમારાથી અપાયલું ધન માનના ગર્વથી તમે અમને આજે અપમાન આપવાનો અધિકાર મેળવ્યો છે. એ યાદ લાવીને મોતીનું મન દિલગીર થઇ પડયું.

ઘેર પાછી આવીને તેણે જોઉં કે તેનો સ્વામી શેઠના ઘરમાં આવનારને ખાવા પીવાનો સારો બંદોબસ્ત કર્યા પછી પેઢીનું બધું કામકાજ પૂરૂં કરીને પોતાના સૂવાના ઓરડામાંની એક હીઝી ચેરપર બેસીને ધ્યાન પૂર્વક મુંબઇ સમાચાર વાંચતો હતો.

ઘણાકોની ધારણા છે કે સ્વામી સ્ત્રીનો સ્વભાવ લગભગ એક જાતનો હોયછે તેનું કારણ એ છે કે ભોગજોગે કોઈ કોઇ ઠેકાણે સ્વામી સ્ત્રીના સ્વભાવનું મળતા પણું જોયાથી તે આપણી પાસે એવું સરખુ અને બરાબર તરીકે જણાય છે કે આપણે આશા રાખીએ છીએ કે આ નિયમ ઘણી ખરી જગાએ લાગુ પડે છે એવું ધારીએ છીએ. ગમે તેમ હો, હાલની જગાએ બહેચરદાસની સાથે મોતીના એક બે વિષયમાં ખરેખર સ્વભાવનું સરખાપણું દીઠામાં આવતું હતું. બહેચરદાસ લોકોની જોડે ગપ્પો મારવા ચહાતો નહોતો, તે કેવળ બહાર કામ કરવા જતો હતો. પોતાનું કામ સંપૂર્ણ પૂરૂ કરીને અને બીજાના દ્વારા પૂરે પૂરૂ કામ લઇને ઘર આવીને જાણે તે અનાત્મીયતાના હુમલાથી પોતાનો બચાવ કરવા માટે એક દુર્ઘટ કિલ્લામાં પ્રવેશ કરતો હતો. બહાર તે અને તેનું કર્તવ્ય કર્મ હતું. ઘરમાં તે અને તેની મોતી હતી એમાંજ તેનું આખુ જીવન ગુંથાયલું હતું.

જ્યારે ભૂષણની છટા વિસ્તારીને સુસજ્જિતા મોતીએ ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યારે બહેચરદાસે તેની ઠઠ્ઠા મશ્કરી કરીને શી એક વાત કહેવાની શરૂવાત કરી પરંતુ એકદમ મૂંગો થઇને ચિંતાતુરથી પૂછ્યું, તને શું થયું છે ? મોતી પોતાની બધી ચિંતા હસીને ઉરાડી નાખવાનો યત્ન કરીને બોલી, શુ વળી થાય ? હમણાં મારા સ્વામી રત્નની જોડે મળવું થયું છે. બહેચરદાસે મુંબઇ સમાચાર જમીન ઉપર નાખીને કહ્યું, "તે તો મારા જાણવાથી બહાર નથી. ત્યાર પછી ? મોતીએ એકના પછી એક ઘરેણાં કાઢતી કાઢતી બોલી, બહેચરદાસે પૂછયું લાડ તરાહ વળી શી? " મોતી સ્વામીની પાસે આવીને તેની હીઝી ચેરના હાથા ઉપર બેસીને તેને ગળે હાથ મૂકીને બોલી, તમારી પાસેથી જે રીતનું મળે છે તેવું બરાબર નહિ. "

ત્યાર પછી મોતીએ બધી હકીકત એકના પછી એક કહી. તેણે મનમાં નિશ્ચય કર્યો હતો કે સ્વામીની પાસે આ બધી અપ્રિય વાત કહીશ નહિ; પરતુ તે પ્રતિજ્ઞા રાખી શકી નહિ, અને એના જેવી પ્રતિજ્ઞા પણ મોતી પહેલાં કદી પણ રક્ષા કરી શકતી નહોતી. બહારના માણસોની પાસે મોતી ગમે એવી સંયત સમાહિત થઇને રહેતી હતી, પણ સ્વામીની પાસે તે પોતાની પ્રકૃતિના બધા સ્વાભાવિક બંધન છોડી નાખતી હતી, ત્યાં જરા પણ છુપાવી રાખી શકતી નહોતી.

બહેચરદાસે બધી હકીકત સાંભળીને ઘણાજ ગુસ્સે થઇને કહ્યુ, હું હમણાંને હમણાં નોકરી છોડી દઉં છું. તરત તેણે શેઠ વનમાળીદાસને એક સખત ચીઠ્ઠી લખવાનું ધાર્યું.

તે વેળાએ આરામ ખુરશીના હાથા ઉપરથી નીચે ઉતરીને સેતરંજીના ઉપર સ્વામીના પગની પાસે બેસીને તેના ખોળા ઉપર હાથ મૂકીને બોલી, આટલું જલદીથી કામ છોડવાની જરૂર નથી. ચીઠ્ઠી આજ લખવી રહેવા દો. કાલે સવારે જે કંઇ કરવું હોય તે નક્કી કરજો "

બહેચરદાસ ઉત્તેજિત થઇને બોલ્યો, "નહિ હવે એક પળ પણ થોભવું નહિ જોઇએ."

મોતી તેના દાદાના હૃદય મૃણાલમાં એકમાત્ર કમળના જેવી ખીલી હતી. તેના અંતરથી તેણે જેમ સ્નેહરસ ખેંચી લીધો હતો, તેમ દાદાના ચિત્ત સંચિત ઘણાક ભાવો તેણે નહિ જાણતા લીધા હતા. શેઠ હરગોવંદદાસના કુટુમ્બની તરફ બાળમુકુન્દની જે એક અચળ નિષ્ટા તથા ભક્તિ હતી. જો કે મોતીએ તે પૂરેપૂરી મેળવી નહોતી તોપણ શેઠના કુટુંબનું ભલુ કરવામાં જીવન અર્પણ કરવું તેઓની ફરજ છે. એ ભાવ તેના મનમાં દ્રઢ બદ્ધ મૂળ થઇ ગયો હતો. તેનો ભણેલો સ્વામી જો ઇચ્છા કરત તો કરી શકત, સન્માનજનક કામ લઈ શકત પણ હૃદયના દ્રઢ સંસ્કારના અનુસરણ થઇને તે એક દીલથી ખુશીથી વનમાળીદાસનો વેપાર વણજ, નાણાવટ તથા ગામની ખબરદારી રાખતો હતો. જો કે મોતી અપમાનથી જખમી થઇ હતી તથાપિ તેનો સ્વાગી વનમાળીદાસનું કામ છોડે એવી તેની મુદલે ઇચ્છા નહોતી.

તે વેળાએ મોતીએ યુક્તિની શરૂવાત કરીને મૃદુ મીઠા અવાજથી કહ્યું, "શેઠ વનમાળીદાસનો તો એમાં કંઇ દોષ નથી. તેઓ આમાંનું કંઇ જાણતા નથી. તેમની સ્ત્રીના ઉપર ગુસ્સો કરીને તમે એકદમ જલદીથી તેની જોડે ઝગડો શા માટે કરવા જાઓ છો ?"

આ સાંભળીને બહેચરદાસ મોટે અવાજે હસ્યો, પોતાનો સંકલ્પ તેની પાસે ઘણો હસવા જેવો જણાયો, તેણે કહ્યું, "તે એક વાત છે ખરી ! પરંતુ શેઠ હોય કે જે હોય એને ત્યાં હવે કદી તને મોકલીશ નહિ."

આ જરા તોફાનમાં તે દહાડાના વાદળાં જતાં રહ્યા, ઘર પ્રસન્ન થઇ ઉઠયું અને સ્વામીના વિશેષ આદરથી મોતી બહારના બધા અનાદરને ભુલી ગઇ.

પ્રકરણ ૩ જું.

શેઠ વનમાળીદાસ બહેચરદાસના ઉપર બધો બોઝો સોંપીને ગામની વ્યવસ્થા તથા નાણાવટનો વેપાર કંઇ જોતો નહોતો. ઘણોજ નિર્ભય તથા અતિ નિશ્ચયતાથી કોઇ કોઇ સ્વામી ઘરની સ્રીને જેમ અવહેલાની આં

ખથી જુએ છે, તેમ શેઠ વનમાળીદાસ પણ પોતાના ગામની વ્યવસ્થા તથા નાણાવટનાં વેપારની તરફ હતો. વનમાળીની ઇચ્છા હતી કે એક ટૂંકી સુરંગનો માર્ગ અવલંબીને એકદમ એક રાતમાં કુબેરના ભંડારમાં પ્રવેશ થાઉં. એને માટે નાના પ્રકારના માણસોની સલાહ લઇને તે છુપી રીતે સોનાના અફીણના સટ્ટાનો વેપાર કરવા લાગ્યો અને બીજા કેટલાક વેપારની વસ્તુઓ એકદમ લઇને એક હાથ કરી તે મોઘે ભાવે વેચવાની કલ્પના કરતો હતો. અને તેમાં લખપતિ થવાની ઇચ્છા રાખતો હતો; શેઠ વનમાળી મનમાંને મનમાં સમજતો હતો કે, બીજા માણસો સાંભળ્યાથી હસશે તે માટે કોઇની પાસે તે કહેવા ચહાતો નહોતો. વિશેષ કરીને બહેચરદાસની જરા વિશેષ શરમ રાખતો હતો; બહેચરદાસ કદાચ ધારે કે તે રૂપીઆ ખરાબ કરવા બેઠો છે તે માટે મનમાં સંકોચાતો હતો. બહેચરદાસની પાસે તે એવી રીતે રહેતો હતો કે જાણે બહેચરદાસજ વેપારી તથા વતનદાર છે અને તે કેવળ બેસીને રહેવામાટે વરસાન મુકરર કરીને વરસાન મેળવે છે.

લગ્નને બીજે દહાડેથી પાર્વતીએ પોતાના સ્વામીના કાન ભંભેરવા માંડયા, તમે તો પોતે કંઇજ જોતા નથી, તમને બહેચરદાસ હાથ લંબાવીને જે આપે છે તે તમે માથે ચઢાવીને લ્યો છો, પેલી તરફ અંદરને અંદર કેવી ખરાબી થાયછે તે કોઈ જાણતું નથી. તમારા મુનિમની સ્ત્રી જે હીરા મોતીનાં ઘરેણાં પહેરીને આવી હતી. એવાં ઘરેણાં તમારે ઘર આવીને મેં કદી નજરે જોયાં નથી. એ સર્વે ઘરેણાં તે કયાંથી મેળવે છે અને આટલો મીજાસ શાના જોરથી વધ્યો ? ઇત્યાદિ ઇત્યાદિ. ઘરેણાંનું વર્ણન પાર્વતી એ કેટલુંક વધારીને કહ્યું હતું, અને મોતીએ પોતાના મોંથી તેની ચાકરડીને જે બધી વાત કહી ગઇ હતી તે પણ તે વિસ્તારીને કહી હતી.

વનમાળી દુર્બલ પ્રકૃતિનો માણસ છે, એક બાજુએ તે પારકાના ઉપર નિર્ભય નહિ રહેતાં રહી શકતો નથી, બીજી બાજુએ જે તેના કાનમાં જેવો સંદેહ રેડે તે તેના ઉપર વિશ્વાસ કરીને બેસે છે. મુનિમ ચોરી કરે છે. પળમાંજ આ વિશ્વાસ તેનો મજબુત થયો. વિશેષ કરીને તે પોતે કા-

મ જોતો નથી તેથી કલ્પનાથી તે નાના પ્રકારની ગડબડ જોવા લાગ્યો, તે છતાં શી રીતે મુનિમની ચોરી પકડી શકે તેનો રસ્તો તે જાણતો નહોતો. સ્પષ્ટ કહે એવી તેનામાં હિમ્મત નહોતી તેથી મોટી મુસ્કેલીમાં પડયો.

બહેચરદાસનું બધાના ઉપર વધારે ચલણ હોવાથી હાથ નીચેના માણસો અદેખા થયા હતા. વિશેષ કરીને બાળમુકુંદના દૂરનો ભાણેજ રામદાસને નોકરીએ રાખ્યો હતો, મુનિમ બહેચરદાસના ઉપર વિશેષ તેનોજ સર્વથી વધારે દ્વેષ હતો. કારણ કે સગપણ વગેરે અનુસારે તે પોતાને બહેચરદાસના જેવો સમજતો હતો અને બહેચરદાસ તેનો સગો હોવા છતાં પણ ફક્ત ઇર્ષ્યાથી તેને મોટી ચાકરી આપતો નથી એ ધારણા તેની દૃઢ હતી. નોકરી મળ્યાથી નોકરીના લાયક યોગ્યતા પોતાની મેળે આવે છે એવો તેનો મત હતો. વિશેષ કરીને મુનિમનું કામ તે ઘણુંજ સહેલું સમજતો હતો; તે કહેતો કે, જેમ પહેલા વારામાં રથના ઉપર ધ્વજા રહેતી હતી, તેમ આજ કાલ વેપારીની પેઢીપર મુનિમ છે—ઘોડો દોડતો રહે છે અને ધ્વજા રથની જોડે જોડે કેવળ અભિમાનથી ડોળે છે.

શેઠ વનમાળી પહેલેથી કામકાજ ઉપર કંઇ લક્ષ આપતો નહોતો, સટ્ટો કરીને એકદમ લખેશરી થવાની ઇચ્છામાં છુપી રીતે સટ્ટો કરતો, કેવળ જ્યારે સટ્ટામાં ખોતો હતો ત્યારે ખજાનચીને બોલાવી તે પૂછતો કે હાલમાં કેટલી શીલક છે? ખજાનચી શીલક કહેતો. જરા અહિં નહિં જોઇને તે રૂપીઆ આપી જવાને કહેતો, જાણે તે પારકાના રૂપીઆ હોયને. ખજાનચી તેની પાસેથી સહી લઇને રૂપીઆ આપતો હતો. ત્યાર પછી કેટલાક વખત સુધી બહેચરદાસની પાસે શેઠ વનમાળી કુંઠિત થઇ રહેતો હતો. કોઇ રીતે તેની જોડે નહિ મળાય તો સારૂં એવું તે સમજતો હતો.

બહેચરદાસ વખતો વખત એને લઇને વિપદમાં પડતો હતો. કારણ કે હુંડીના રૂપીઆ નહિ આપવાથી આંટમાં ધરક પડતો હતો, તથા વેપારીઓને ધીરધારા કરવામાં તીજોરીમાં રૂપીઆની જરૂર પડતી હતી. તેથી બહેચરદાસને ઘણી આપદા ભોગવવી પડતી હતી. પરંતુ વનમાળીદાસ રૂપી-

આ લઇને ચોરની પેઠે સંતાતો ફરતો હતો તેથી તેને એ સંબંધમાં કંઇ વાત કહેવાનો વખત મળતો નહોતો, ચીઠ્ઠી લખ્યા છતાં પણ કંઇ પણ ફળ થતું નહોતું કારણ કે આંખની શરમ હતી. બીજી કંઇ શરમ નહોતી એ વાસ્તે તે કેવળ મળવાને બ્હીતો હતો.

હળવે હળવે જ્યારે શેઠ વનમાળીએ રૂપીઆ વારંવાર ખજાનચીની પાસેથી લેવા માંડયા અને સટ્ટામાં ખરાબ કરવા લાગ્યો, ત્યારે બહેચરદાસે તીજોરીની કુંચી પોતાની પાસે રાખી. શેઠ વનમાળીને છુપી રીતે રૂપીઆ આપવાનું એકદમ બંધ થયું. તે છતાં શેઠ એવો દુર્બલ પ્રકૃતિનો હતો કે શેઠ હોવા છતાં પણ સ્પષ્ટ રીતે એ સંબંધમાં કાંઇપણ જોર બતાવી શક્યો નહિ. બહેચરદાસનો નકામો યત્ન થયો. અલક્ષ્મી જેની મદદગાર છે, તીજોરીની કુચી તેને રૂપીઆ અટકાવી રાખી શકતો નથી. ઉલટુ ભલુ કરતાં ખરાબ થયું. પરંતુ તે બધી હકીકત પછીથી કહેવામાં આવશે.

બહેચરદાસના સખ્ત નિયમથી શેઠ વનમાળી અંદરને અંદર ઘણો ચીડાવા લાગ્યો. એવામાં પાર્વતીએ જ્યારે તેના મનમાં સંદેહ ઉત્પન્ન કરાવ્યો ત્યારે તે કંઇ ખુશી થયો. છુપી રીતે એક એક પેઢીપરના મેહેતાઓને બોલાવીને તપાસ કરવા લાગ્યો. ત્યારે રામદાસ તેનો સર્વ કરતાં મોટો જાસુસ થઈ પડયો.

રામદાસે શેઠ વનમાળીને તરેહવાર રીતનું ઉલટું સુલટું સમજાવીને ખાતરી કરી કે બહેચરદાસ ઘણું મારી ખાય છે. અને પોતે ઘર ભરે છે, આવી રીતે છુપી રીતે જુદા જુદા માણસના મોંથી બહેચરદાસના વિરૂદ્ધમાં વાતો સાંભળીને શેઠ વનમાળીદાસની સંદેહશિખા ધીરેધીરે વધવા માંડી પરંતુ તે ખુલ્લી રીતે કંઇ પણ બંદોબસ્ત કરવાને હિંમતવાન થયો નહિ એક આંખની શરમ અને બીજી શંકા હતી, કદાચ બધી અવસ્થાથી જાણનાર બહેચરદાસ તેનું કાંઇ ખરાબ કરે.

આખરે પાર્વતી સ્વામીની આ કાયરતાથી બળીને શેઠ વનમાળીના અજાણતા એક દહાડો બહેચરદાસને બોલાવીને કહ્યું કે, " તમને હવે રજા

આપવામાં આવી છે. તમે રામદાસને બધું સોંપીને તમારે ઘર બેશો. "

પોતાના સંબંધમાં શેઠ વનમાળીની પાસે ગડબડ થાય છે. તે વાત બહેચરદાસને પહેલાં કંઇક માલમ પડી હતી, તે માટે પાર્વતીની વાતથી તેને કંઈ અજાયબી ઉત્પન્ન થઇ નહિ, તરત તેણે શેઠ વનમાળીની પાસે જઇને પૂછ્યું કે "મને શું તમે આજથી રજા આપવા ઇચ્છો છો ?" શેઠ વનમાળી ગભરાતો કહેવા લાગ્યો, "નહિ કદી નહિ" બહેચરદાસ પહેલાંની પેઠે પૂછ્યું, મારા ઉપર શું તમને કંઇ સંદેહનું કારણ થયું છે. ? " શેઠ વનમાળી ઘણોજ ખીશિયાણો થઇને બોલ્યો, " કંઇ નહિ. મુનિમ બહેચરદાસે શેઠાણી પાર્વતીની વાત નહિ કાઢતા પેઢી ઉપર આવ્યો. ઘરમાં મોતીને પણ કંઇ કહ્યું નહિ એવી રીતે કેટલાક દહાડા ગયા.

એવામાં બહેચરદાસને તાવ આવ્યો, સખ્ત મંદવાડ નહોતો, પણ દુર્બલતાથી ઘણાક દિવસ તે પેઢી ઉપર ગયો નહોતો.

એ વખતે લેવડ દેવડની મોટી ધામધુમ હતી બીજા વેપારની પણ ઘણી ભીડ હતી. એ વાસ્તે એક દહાડો સવારે મંદવાડનું બિછાનું ત્યાગીને મુનિમ બહેચરદાસ એકદમ પેઢીપર આવ્યો. તે દહાડે કોઇએ તેના આવવાની આશા રાખી નહોતી, અને બધા કહેવા લાગ્યા કે તમે ઘેર જાઓ, આટલા દુર્બલતાવાળા શરીરથી કામ કરશો ના. બહેચરદાસે પોતે દુર્બલતાનો પ્રસંગ ઉડાડીને પોતાની પેટી તરફના ગાદી તકીએ જઇને બેઠો. મેહેતાઓ અસ્થિર થઇ પડયા અને એકદમ ઘણા ચીડાઇને પોત પોતાના કામમાં લાગ્યા.

બહેચરદાસે પોતાની પેટી ઉઘાડીને જોયું તો તેમાં એક પણ કાગળ નથી. બધાને પૂછ્યું આ કોણે કર્યું, બધાઓ જાણે આકાશમાંથી પડી ગયા હોય એવા થયા. ચોર લઇ ગયા છે કે ભૂત લઇ ગયા છે તે કંઇ નક્કી કરી શકયા નહિ. રામદાસે કહ્યું, કાગળ પત્રો શેઠ પોતે લઇ ગયા છે. બહેચરદાસનો બંધ થયલો ગુસ્સો સફેદ રંગ વાળો થઇને તેણે પૂછ્યું, " શા માટે?" રામદાસ કાગળ લખતો લખતો બોલ્યો, "તે અમે શીરીતે કહી શકીએ?". શેઠ વનમાળી બહેચરદાસને હાજર નહિ થતાં ને લાગ મેળવીને રામદાસની

સલાહથી નવી કુંચી તૈયારી કરાવીને મુનિમની ખાનગી પેટી ઉઘાડીને બધા કાગળ પત્રો જોવા માટે લઇ ગયો હતો. ચતુર રામદાસે તે વાત છુપાવી નહિ, બહેચરદાસ અપમાનિત થઇને કામ છોડે એવી તેની ઇચ્છા હતી.

બહેચરદાસે પેટીને બંધ કરીને ધ્રુજતે શરીરે શેઠ વનમાળીને શોધવા ગયો, શેઠે કહાવી મોકલ્યું કે મારૂં માથું દુઃખે છે. ત્યાંથી તે ઘર જઇને એકદમ દુર્બલ દેહથી બિછાનામાં પડયો, મોતી દોડતી આવીને તેને પોતાના આંખ હૃદયથી ઘેરીને બેઠી, હલવે હલવે મોતીએ બધી હકીકત સાંભળી.

સ્થિર વિજળી હવે સ્થિર રહી નહિ, તેની છાતી ફુલવા લાગી, ફાટેલી મેઘકૃષ્ણ આંખના ખુણામાંથી ઉન્મુકત વજ્રશિખા સુતીવ્ર શુભ્રજ્વાળા વિક્ષેપ કરવા લાગ્યા. આવા સ્વામીનું આવું અપમાન ! આટલા વિશ્વાસનો આ બદલો !

મોતીના અત્યુગ્ર નિઃશદ રોષદાહ જોઇને બહેચરદાસનો ક્રોધ સમાઇ ગયો. તેણે જાણે દેવતાના શાસનથી પાપીને રક્ષા કરવા માટે મોતીનો હાથ ઝાલીને બોલ્યો, " વનમાળી છોકરવાદી છે. દુર્બલ સ્વભાવનો છે, પાંચ જણાની વાત સાંભળ્યાથી તેનું મન બગડી ગયું છે. " તે વેળાએ મોતીએ બે હાથથી તે પોતાના સ્વામીનું ગળું વીંટાળીને તેને છાતી આગળ ખેંચી લઇને આવેગની સાથે દબાવ્યું અને એકદમ તેની બે આંખ રોષ દીપ્તિ મ્લાન કરીને ઝર ઝર કરતાં આંસુઓ પડવા લાગ્યાં. પૃથ્વીના બધા અન્યાયથી બધા અપમાનથી બે બાહુપાશ ખેંચી લઇને તે જાણે પોતાના હૃદય દેવતાને પોતાના હૃદય મંદિરમાં ઉપાડી લેવા ચાહે છે.

નક્કી કરવામાં આવ્યુ કે બહેચરદાસે હમણાં નોકરી છોડવી, આજે હવે કોઇએ તેને કંઇ પણ રોકયો નહિ, પરંતુ આ તુચ્છ બદલાથી મોતીનું મન કંઇ પણ સાન્ત્વન થયું નહિ. જ્યારે સન્દિગ્ધ શેઠે પોતેજ બહેચરદાસને છોડાવવાને તૈયાર છે. ત્યારે નોકરી છોડયાથી તેને શું પછી સજા થઇ ! નોકરી છોડવાનો સંકલ્પ કરીનેજ બહેચરદાસનો ગુસ્સો જતો રહ્યો પરંતુ બધા કામકાજ બધા આરામ વિશ્રામમાં મોતીનો ગુસ્સો તેના હૃત્પિંડમાં બળવા લાગ્યો.

પરિશિષ્ટ.

એવામાં ચાકરે આવીને ખબર કહ્યા કે શેઠને ત્યાંથી ખજાનચી આવ્યા છે. બહેચરદાસે મનમાં ધાર્યું કે શેઠ વનમાળીએ સ્વાભાવિક આંખની શરમથી ખજાનચીના મોંએ મને નોકરીથી રજા આપવાનું કહાવી મોકલ્યું હશે. તેથી તેણે પોતે એક રજા લેવાની ચીઠ્ઠી લખીને ખજાનચીના હાથમાં આપી. ખજાનચીએ તે સંબધમાં કંઇ સવાલ નહિ કરતાં કહ્યું, "સત્યાનાશની પાટી વળી છે !" બહેચરદાસે પૂછયું, "શું થયું છે ?"

તેના જવાબમાં સાંભળ્યું કે જ્યારથી બહેચરદાસની સાવચેતથી તીજોરીમાંથી શેઠ વનમાળીદાસને રૂપીઆ આપવાનું બંધ થયું હતું ત્યારથી વનમાળીએ જૂદા જૂદા આસામીઓની પાસેથી છુપી રીતે રૂપીઆ લખી લઇને લેવાનો આરંભ કર્યો. અને ધમ ધોકાર રૂ, અફિણ તથા સોનાનો સટ્ટો કરવા માંડયો તેમાં તે ફાવતો નહોતો ફરી મોટા સટ્ટા કરીને જે ગયું છે તે પાછુ મેળવવાની તજવીજ કરતો હતો તેમાં તે હારતો હતો. આખરે તે કર્જમાં ડુબી ગયો છે. જ્યારે બહેચરદાસ માંદા હતા ત્યારે તીજોરીમાં જેટલું બાકી હતું તે બધુ લઇને સટ્ટામાં ખુવાર કર્યું છે. હમણાં બધાં માગનારાઓએ ફરિયાદી માંડી છે તેઓ એકદમ ડીકરી લેવાની તજવીજમાં છે. એ તો વિપત્તિ છે. ?

સાંભળીને બહેચરદાસ થોડાક વખત ચૂપ થઇ બેઠો. પછી આખરે કહ્યું, આજે કંઇપણ નક્કી કરી શકતો નથી. કાલે એનો વિચાર કરવામાં આવશે. જ્યારે ખજાનચી જતો હતો ત્યારે બહેચરદાસે પોતાની નોકરી છોડવાનો કાગળ પાછો માગી લીધો.

બહેચરદાસે મોતીને બધી હકીકત જઇને કહી, વનમાળીની આવી અવસ્થામાં હું નોકરી છોડી શકતો નથી. મોતી ઘણીવાર સુધી પથ્થરની મૂર્તિના જેવી સ્થિર થઈ રહી. આખરે બધો વિરોધદ્વન્દ્વ બળ જોરીથી દલન કરીને લાંબો શ્વાસ ખેંચીને બોલી, " હમણાં નોકરી છોડશો ના. "

ત્યારપછી રૂપીઆ કયાંથી મળે તેની તપાસ કરવામાં આવી. જેટલા

જોઇએ તેટલા રૂપીઆ હવે મળતા નથી ઘરમાંની દાગીના લાવવા માટે બહેચરદાસે શેઠ વનમાળીને સલાહ આપી. પહેલા સટ્ટામાં શેઠ વનમાળીદાસે જે યત્ન કર્યો હતો તે કદી પણ ફતેહમંદ નીવડ્યો નહિ. આ વખતે ઘણું સમજાવ્યું, ઘણુંક રોઇને ઘણીક ગરીબાઇ પ્રકટ કરીને ઘરેણાં માંગ્યાં પણ પાર્વતીએ કોઇ રીતે તે આપવાની સાફ ના પાડી; તેણે ધાર્યું હતું કે તેની ચારે બાજુએથી સર્વ પડી ભાગવાની શરૂવાત થઇ છે. હમણાં આ અલંકારો તેનું એક માત્ર છેલું અવલંબન સ્થળ છે અને તે અંતિમ આ ગ્રહથી પ્રાણ તોડથી ઝાલી રાખ્યાં.

જ્યારે કોઇની તરફથી રૂપીઆ મળ્યા નહિ, ત્યારે મોતીનો બદલો લેવાની ભ્રુકુટિના ઉપર એક તીવ્ર આનંદની જ્યોતિ પડી. તેણે પોતાના સ્વામીનો હાથ મજબુત પકડીને કહ્યું, "તમે તમારૂં જે કર્તવ્ય છે, તે તો કર્યું છે હવે તમે શાંત રહો. જે થવાનું હોય તે થશે."

સ્વામીની અવમાનતાથી ગરમ થયલી સતીનો ક્રોધાનલ હજી સુધી હોલાયો નથી તે જોઇને બહેચરદાસ મનમાં ને મનમાં હસ્યો. વિપત્તિના દિવસે અસહાય બાળકની પેઠે શેઠ વનમાળી તેના ઉપર એવો ભરૂસો કર્યો છે કે, તેના ઉપર તેનો બહુ દયાનો ઉદ્રેક થયો છે, હવે તેને કોઇરીતે ત્યાગ કરી શકતો નહોતો. તેણે મનમાં લાવ્યું હતું કે તેણે પોતે પોતાની સ્થાવર સંપત્તિ ગીરવી રાખીને રૂપીઆ લેવાની તજવીજ કરે પરંતુ મોતીએ પોતાના શમ ઘાલીને કહ્યું તેમાં હવે તમે હાથ નાખવો નહિ.

બહેચરદાસ ઘણો ચિંતાતુર થઇને વિચાર કરતો બેઠો. તે મોતીને ધીરે ધીરે સમજાવવાની કોશેશ કરવા લાગ્યો, પણ મોતી કોઇ રીતે તેને વાત કહેવા દેતી નહોતી. આખરે બહેચરદાસ કંઇક દિલગીર જેવો થઇને ગંભીર થઇને મૂંગો બેશી રહ્યો.

તે વેળાએ મોતી તીજોરી ઉઘાડીને પોતાનાં બધાં ઘરેણાં એક મોટા ખુમચામાં ભરીને તે ભારે ખુમચો પોતે મોટી મુશ્કેલીથી ઉઘાડીને જરા હસતી તે પોતાના સ્વામીના પગની નાચે રાખ્યો.

દાદાનું એક માત્ર સ્નેહનું ધન મોતી દાદાની પાસેથી જન્મથી લઇને

વરસે વરસે ઘણાક કિંમતી હીરા મોતીનાં ઘરેણાં ભેટ દાખલ મળ્યા હતા; મિતાચારી સ્વામીના પણ જીવનના ઘણાખરા સંચય અને છોકરાં છૈયાં વિનાની સ્ત્રીના ભંડારમાં અલંકાર સ્વરૂપે રૂપાન્તર થયા છે. તે બધા હીરા મોતી સોનાના દાગીના સ્વામીની પાસે હાજર કરીને મોતીએ કહ્યું, "મારાં આ ઘરેણાં લઇને મારા દાદાએ આપેલાં ઘરેણાંથી છોડાવીને હું ફરી તેના શેઠના વંશને આપીશ.

આવું કહીને તેણે સજળ આંખ બંધ કરીને માથુ નમાવીને કલ્પના કરી, તેનો પેલો વિરલ સફેદ કેશ ધારી, સરળ સુંદર મુખચ્છબી, શાંત સ્નેહ હાસ્યમય, ધી પ્રદીપ્ત ઉજ્વળ ગૌર કાંતિવાન વૃદ્ધ દાદો તે પળે અહિં હાજર છે, અને તેના નમેલા માથાપર શીતળ સ્નેહ હસ્ત રાખીને તેને ચુપચુપ આશીર્વાદ આપે છે.

બધું દેવું પતવ્યું અને ગરાસ જતો બચાવ્યો. તે વેળાએ પ્રતિજ્ઞા ભંગ કરીને ઘરેણાં વિનાની મોતી ફરી પાર્વતીના તેડાને માન આપીને ત્યાં ગઈ; હવે તેના મનમાં કોઇ જાતની અપમાન વેદના રહી નહિ.

બાળકૃષ્ણ.

૧.

જ્યારે બાળકૃષ્ણ ગુસ્સામાં ને ગુસ્સામાં પ્રભાશંકરની ઑફિસનું કામ છોડીને ચાલ્યો આવ્યો ત્યારે બધા એક અવાજથી બાળકૃષ્ણને ઠપકો આપવા લાગ્યા. એટલુંજ નહિ પણ જેઓએ આગળે દિવસે બાળકૃષ્ણની જોડે નાના પ્રકારની વાતચીત કરી હતી, "તમને હવે એ ઑફિસમાં રહેવું ઠીક નથી, તમારી જગાએ અમે હોઇએ તો ઘણા વખતથી કામ છોડીજ ચાલ્યા જાત." તેઓ પણ હમણાં બીજાની પાસે કહેવા લાગ્યા, બાળકૃષ્ણ ભણી ગણીને આટલું છોકરવાદીપણું કરશે તે અમે સ્વપ્નામાં પણ ધારતા નહોતા. પ્રભાશંકર એ એક ઉદાર માણસ છે, તેની જોડે આવી ચાલ ચલાવવી એ શું સારૂં કર્યું છે. કામ સારૂ કર્યું નથી. કાલે અમે કેટલું સમજાવ્યું હતું કે શેઠ જો એક વાત કહે તો દબાવી રાખવી જોઇએ. આજ કાળ આવો ચાકરીનો વખ્ત છે, ચાકરી મળવી બહુ મુસ્કેલ છે. ભાગ્યમાં તેને બહુ કષ્ટ હશે તેથીજ નોકરી છોડી દીધી.

ટૂંકામાં બાળકૃષ્ણે જે નોકરી છોડીને ઘણુંજ અવિવેચનાનું કામ કર્યું છે. વિશેષ કરીને આજકાળ ચાકરીનું બજાર મંદુ છે. તે સમજવામાં કોઇને પણ જરા બાકી રહ્યું નથી. કેવળ બાળકૃષ્ણના માબાપ અને એક બે ઘણાજ પાસેના સંબંધીઓ તથા મિત્રો અને બાળકૃષ્ણ પોતે સમજ્યાં નહિ. તેઓએ ધાર્યું હશે કે આબરૂદાર માણસોને પોતાની આબરૂ સર્વ કરતાં પ્રિય થવી જોઇએ, પોતાનું સન્માન રાખવાની ખોટથી હિંદૂસ્થાનની આટલી ખરાબી થઇ છે. બાળકૃષ્ણે પોતાનું સન્માનને માટે સારૂં કર્યું છે. ત્યારપછી ચાકરીની થઇ વાત ? તે માટે તે વેળાએ કોઇએ જરા પણ વિચાર કર્યો નહિ. બાળકૃષ્ણ દાર્શનિકની પેઠે ગંભીર થઇને બોલ્યો, "પ્રભાશંકરે મારા ઉપર ઘણો ઉપકીર કર્યો છે તે હું કબુલ કરૂં છું અને જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી તે વિશે કબૂલ કરીશ પરંતુ આહાર દાતા શું તે છે ? તેનો આહાર દાતા કોણ

છે. ? જે દેશમાં પ્રભાશંકર નથી, તે દેશના બધા માણસો શું ભૂખ્યા રહે છે? જે તેને ખાવાનું આપે છે, તે મને પણ ખાવાનું આપશે. ચાકરી ક્યાં પણ નહિ મળે, તો બ્રાહ્મણનો છોકરો છું.. ભિક્ષા માગીને ખાઇશ, તેમાં મને અપમાન નથી.

૨.

પ્રભાશંકરનું અસલ રહેઠાણ સુરતની તરફ હતું. તે સુરતમાં ધનવાન તથા દાતાથી ઓળખાતો હતો. મુંબઇમાં તેનો બહુ વેપાર ફેલાયલો હતો. લગભગ વિશ લાખ રૂપીઆનો તથા બસો ત્રણસો માણસો તેના વેપારમાં ફરે છે. બીજી ઘણી સંપત્તિ છે તે બધી પોતે મેળવેલી છે. નાનપણમાં સરસ્વતીના ઉપર ખરેખર વિમાતાનો ભાવ હોવાથીજ જાણે લક્ષ્મી તેના ઉપર ઘણીજ સ્નેહ ભરેલી આંખથી જોતી હતી. થોડાક પૈસા લઇને વેપાર કરવાનો આરંભ કરીને આખરે મુંબઇમાં એક મોટો ધનવાન તથા આબરૂદારથી ઓળખાયો. તેનામાં ઘણાક સદ્‌ગુણો હતા, વિશેષ કરીને ધનવાનોમાં તેના જેવો પરદુઃખભંજન ઘણું કરીને જોવામાં આવતા નહોતા.. પોતે નાનપણમાં ઘણું દુઃખ વેઠયું હતું તેથી હોય અથવા હૃદયની સ્વાભાવિક કોમળતાથી હોય બીજાનું કષ્ટ સાંભળ્યાથી તેને આંસુ આવતાં હતાં. અને પોતાથી બનતી રીતે તે કષ્ટ દૂર કરવાનો યત્ન કરતો હતો. સ્વયંસિદ્ધ ધનવાનોની પેઠે તેઓ શોખમાં તથા વિલાસના ઉપર ઘણોજ વિરક્ત હતો. મોટું ઘર, મોટા મોટા આરબી ઘોડાની જોડીઓ, નાના પ્રકારની ગાડીઓ તથા મેકબના સોનાના ઘડિયાળો હોવા છતાં પણ તે ઘણી સાદી ચાલચલણને ચહાતો હતો. પરંતુ સુરતના તેની ન્યાતના નિંદા કરનારાઓ આટલા ગુણ હોવા છતાં પણ તેના બોલવાનું સૂક્ષ્મત્વ લઇને તેની પછવાડે વખતો વખત નિંદા કરતા હતા. પ્રભાશંકરની વિચાર શક્તિ ઘણીજ તીક્ષ્ણ છે એવું નિંદા કરનારા માનતા નહોતા.

૩

બાળકૃષ્ણ પ્રભાશંકરનો પડોસી હતો અને ઉમ્મરે લગભગ તેના છો

કેશના જેટલો હતો. વિશેષ કંઇ પ્રમાણ નહિ હોવા છતાં પણ બાળકૃષ્ણ-નાં સગાં વહાલાં ધારતા હતા કે બાળકૃષ્ણ ઘણોજ તીક્ષ્ણ બુદ્ધિશાળી છે. એવુંજ બાળકૃષ્ણ પણ સાધારણ રીતે ધારતો હતો. જે બધા સાધારણ બનાવ બધાના જીવનમાં ઘણું કરીને બને છે, બાળકૃષ્ણ પણ તે બનાવનેજ પોતાના અસાધારણત્વના અને કુલમાં સાક્ષી તરીકે ગણતો હતો. નાનપણમાં જરા કવિતા બનાવી શકતો હતો તેથી એફ.એ. ની પરીક્ષામાં નાપાસ થયો હતો. કવિતાની સાથે કવિયોના સર્વદા ઝગડો છે અને આપણો બાળકૃષ્ણ ગણિતમાં વિશેષ અનુરકત નથી, એ સામાન્ય વ્યાપારથીજ તે પોતાને ભવિષ્યમાં કવિ નર્મદાશંકર, પ્રેમાનંદ અથવા નરસિંહરાવ તરીકે ધારતો હતો.

પિતાના કહેવાપરથી બે ત્રણવાર પરીક્ષા આપવાનો યત્ન કર્યા છતાં પણ જ્યારે ફતેહમંદ થઇ શકયો નહિ ત્યારે યુનિવર્સિટી દ્રાક્ષના ફલમાં ખાટા રસનો સંચાર સ્પષ્ટ સમજી શકયો. અને આખરે કૉલેજ છોડીને " હાલની યુનાવર્સિટીની શિક્ષણ પદ્ધતિના દોષ, અંગ્રેજી શિક્ષણથી દેશની હાની " ઇત્યાદિ મથાલા ઉપર ઘણાક વિષયો કષ્ટ લખિત વર્તમાન પત્રમાં તથા માસિક ચોપાનિયામાં એડિટરને હમેશા ઉપકૃત કરવા લાગ્યો. પરંતુ હાલમાં આધિભૌતિકના કરતાં અધ્યાત્મિક પેટ ભરવાની સંભાવના સમજીને મહાજન અવલંબિત માર્ગ પકડવો એજ સારૂં છે. એવું ધાર્યું. તેના એક પિતાના મિત્રે પ્રભાશંકરને ત્યાં ૩૦ રૂપીઆની નોકરીએ રખાવ્યો. તેના પિતાએ કંઇ કર્યું નહોતું એ કહેવું ઉચિત છે. બાળકૃષ્ણના પિતાનો મિત્ર પોતાની તરફથી દોરવાઇને બાળકૃષ્ણને નોકરીએ રખાવ્યો હતો. બાળકૃષ્ણ પણ સારો છોકરો થઇને દરરોજ દશ વાગ્યાથી પાંચ વાગ્યાથી સુધી કામ રૂપી તરવારથી લડાઇ કરતો અને આખરે ભૂખે પેટે દિલગીર મનથી ધીરે ધીરે ઘેર આવતો હતો.

આ તો થઇ સાદી વાત. એમાં બાળકૃષ્ણને કંઇ નોકરી છોડવાનું કંઈ કારણ જોવામાં આવતું નથી, પરંતુ રામ રાવણની લડાઇનાં ઘણાં વખત પહેલાં જેમ સ્વર્ગના નિઃસ્વાર્થ દેવતાઓએ કૈકેયીના કામમાં દુષ્ટ સરસ્વતીનું અવસ્થાન, દશરથની બ્રહ્મહત્યા વગેરે કાર્ય કારણની એકમેકની જાળ પાથરી રાખી હતી, બાળકૃષ્ણે ચાકરી કબુલ કરવાની પહેલા કોઇ અ-

જાણ્યા દેવતાએ તેની તેની ચારે બાજુએ એક અંધકારમય ભારે માયા જાળની ઉત્પત્તિ કરી રાખી હતી. બધા પોત પોતાના જવાના માર્ગપર તથા કર્તવ્ય માર્ગપર જવાના એવું ધાર્યા છતાં પણ એ માયાજાળના પ્રભાવથી એક-એકની વચ્ચે ઘસારો થાય છે.

૪

પ્રભાશંકરને એક દીકરો અને એક ભતરીજી હતી. હમેશાંનો માંદો અને અસમર્થ ભાઇ તેના ઘરમાં રહેતો હતો અને તેની દીકરી નંદકોરને પ્રભાશંકર પોતાની દીકરીને પેઠે પાળતો હતો. વિશેષ કરીને તેને પોતાને કન્યા થઇ નહોતી. તેથી તે નંદકોરને જીવ કરતાં પણ વહાલી સમજતો હતો. ભવિષ્યમાં લગ્ન કરાવીને નંદકોરને આંખથી બહાર રાખવાથી દુઃખ થશે એવું જાણીને તે કોઇ કોઇ વખતે સંકલ્પ કરતો હતો કે કોઇ ગરીબ ગૃહસ્થના છોકરાને ઘરમાં રાખીને તેની જોડે નંદકોરને પરણાવવી. વળી કોઇ કોઇ વખત વિચાર આવતો કે તેમ થયાથી મારી અભિમાની નંદકોરના મનમાં ઘર જમાઇની સ્ત્રી તરીકે ઘણું કષ્ટ થશે. આવી રીતે નાના પ્રકારના વિચાર કર્યા પછી બાળકૃષ્ણનો નાનપણનો મિત્ર તથા જોડે અભ્યાસ કરનાર વિશ્વનાથની જોડે નંદકોરનું લગ્ન કરવાનું નક્કી કર્યું. વિશ્વનાથ સારા ખાનદાનનો છોકરો છે, જોવામાં ખૂબસુરત છે અને તેનો પિતા પણ સારૂ કમાય છે. નંદકોર ઘરની પાસે રહેશે, મનમાં ધારવામાં આવશે ત્યારે તેને જોઇ શકાશે તે છતાં પૈસાદારના ઘરમાં પડશે. એના કરતાં બીજું શું જોઇએ? આવી રીતે બધી તરફ વિચાર કર્યા પછી વિશ્વનાથના પિતાની આગળ લગ્નનું માગુ મોકલ્યું. વિશ્વનાથનો પિતા શિક્ષણ મેળવેલો, ઉન્નત મનનો અને માર્જિત રૂચિ વાળો હતો. તેણે ફક્ત આટલુંજ કહ્યું, "વિશ્વનાથને આ વિશેનો અભિપ્રાય પૂછીને જવાબ આપીશ, એ લગ્ન કરવામાં મારો કંઇ વાંધો નથી." પ્રભાશંકરે રીત આપવાની વાત કાઢી. વિશ્વનાથના પિતાએ હસીને કહ્યું, "અમારા વંશમાં છોકરાને વેચવાનો ચાલ નથી. આપની કન્યાને આપો તેમાં મારે કહેવું એ ધૃષ્ટતા માત્ર છે." ત્યાં હાજર હતા તેઓ તેની પ્રશંસા કરી અને તેની પછવાડે "માણસ કેવો મૂર્ખ છે! જો માગત તો ૧૦ હજાર રૂપીઆ સહજ મળત, વિષય બુદ્ધિ

કંઈ નથી. ” ઇત્યાદિ વાક્યથી પોતાની વિષય બુદ્ધિની ઓળખાણ આપવા લાગ્યા. પેલી બાજુએ બાળકૃષ્ણના ઉપર વિશ્વનાથનું મન જાણવાનો બોજો પડયો એકલું મન જાણવાની કંઇ વિશેષ જરૂર નહોતી, તોપણ છોકરી જરા શામળી હતી તેમ એકવાર પણ પૂછવું ઠીક છે, એ માટે બાળકૃષ્ણનું મન જાણી લેવાનો બોજો સોંપ્યો અને લગ્નના અનુકૂળમાં મન પણ મેળવવા પામ્યો. વર, કન્યા બાળકૃષ્ણ બધા એક મહોલ્લામાં રહેતા હતા તેથી કન્યા બધાની નજરે પડતી હતી. વિશ્વનાથ અને બાળકૃષ્ણે નંદકોરને ઘણીવાર જોઇ હતી, એટલુંજ નહિ પણ લગ્નની પહેલા નંદકોર એક બે વાર વિશ્વનાથના ઘરમાં જમવાને પણ આવી હતી.

થોડા અરસામાં એકિના ધામધુમથી લગ્ન થયા. લગ્ન જેમ મોટા માણસોના થાય છે તેમ થયા. ન્યાત વરા થયા. લોકો ખુશી થયા અને કહેવા લાગ્યા કે, છોકરાંના લગનમાં સારૂં વાવર્યું.

૫

“ મારો જમાઇ બીજા કોઈની પાસે ચાકરીને માટે જશે ! મારી પાસેથી કામકાજ કરતા શીખે ? ” પ્રભાશંકરની આ યુક્તિ વાળુ કહેવું વિશ્વનાથના પિતાએ પોતાના પુત્રને વેવાઇની પાસે કામકાજ શીખવાપર લગાડયો. બાળકૃષ્ણ બાલ્ય મિત્રને એકજ જગાએ કામમાં લાગેલો જોઇને ઘણો આનંદિત થયો અને બે મિત્રો ઘણા ઉત્સાહથી પ્રભાશંકરના વેપારની ઉન્નતિ કરાવનો યત્ન કરવા લાગ્યા. પ્રભાશંકર પણ જમાઇને ખુશ રાખવા માટે બાળકૃષ્ણને વધારે સ્નેહની આંખથી જોવા લાગ્યો. એટલુંજ નહિ પણ કોઇ કોઇ વખત કોઈ કારણથી જો જમાઇને કંઈ દિલગીરીની સંભવના જોતો તો બાળકૃષ્ણના ઉપર જમાઇને સંતુષ્ટ કરવાનો ભાર સોંપતો હતો.

૬

સંપ્રદાય વિશેષના મતમાં સેતાન સર્પરૂપ ધારણ કરીને માણસને સુખમય બગીચાનાં રહેઠાણથી વંચિત કર્યો છે. તે સેતાનની વંશાવળી આજ પણ નાના પ્રકારના આકાર ધારણ કરીને બધાને દરેક પગલે કષ્ટ આપવાનો યત્ન કરે છે. કદાચ એક ગામડીયો કોઇ એક ધામધુમની વેળાએ મુંબઇ જોવા આવ્યો હોય. મુંબઇના ગગન સ્પર્શી વિચિત્ર મકાનોની હાર

જોઇને અગ્રેજ જાતિને લંકાના રહેનાર રાવણના કુટુંબના સમજીને ધારે, એટલામાં સેતાનના વંશનો ફુટપાથનો પથ્થર થઇને તેના પગના નખમાં એવો આઘાત કર્યો કે બિચારાની મુંબઇ જોવાની ઇચ્છા પગના અગુઠાથી સ્નાયુયોગ જવાળાના વેગથી માથામાં ચઢી ગયું. શનિવારે ૨ વાગાની ગાડીમાં ઑફિસથી તાત્યા જવાને માટે ઝડપથી ટ્રામવેમાં બેઠા, સેતાન વંશનો તરત તે ટ્રામના ઘોડા રૂપમાં આવીને અવતર્યો અને નાના પ્રકારના ઉપાયથી જેમ તેમ કરીને તાત્યા સાહેબની ૨૦ મીનીટ ગઇ. જેવા તાત્યા સ્ટેશનના પ્લાટ ફારમપર આવી પહોંચ્યા કે સેતાને તરત ઇંજીનની શીશોડી વગાડીને મોટે હસતો હસતો તાત્યાની મશ્કરી કરતો ચાલ્યું. તાત્યા સાહેબ રાતની ૧૧ વાગાની ગાડીમાં ગયા. નવાં લગ્ન કરેલાં જુવાને ઉપરા ઉપરી પાંચ દહાડા સુધી પ્રિયતમાનો કાગળ નહિ મળ્યાથી અભિમાનથી સ્ત્રીને નરમ ગરમ. બાષાણુમાં લાડ કરનારો એક કાગળ લખીને કાગળ પોસ્ટ ઑફિસના થાંભલામાં નાખ્યો કે તરત પોસ્ટનો સિપાઈ સર્વાંગ ગોળાકાર છ ખુણાના ચાર ખુણાના કાલા અને લાલરંગનો ડગલો અને પાઘડી પહેરીને એક કાગળ આપીને બોલ્યા, "શેઠ પોસ્ટમાં પત્ર ફરતો ફરે છે, આપનો કાગળ લ્યો. સેતાન પોસ્ટમાસ્તરના માથા પર આવીને અમદાવાદને બદલે અમદનગર વાંચીને આ ગડબડ કરી છે. બાળકૃષ્ણની સાથે વિશ્વનાથની મિત્રતા જોઇને એક બે જણા વિશેષ શુભાકાંક્ષી પ્રભાશંકરને વાતના પ્રસંગમાં "હવે બાળકૃષ્ણે જરા વિચાર કરીને ચાલવું ઠીક છે, વિશ્વનાથ ઉપર પ્રકારે હમણાં શેઠનો જમાઇ છે, તેવી રીતે જોવાથી સારૂં નથી." આવું કહીને પ્રભાશંકરના માથામાં એક નવો વિષય શોધવામાં લગાડયો. વિશેષ શુભેચ્છક જે પોતે ખરાબ માણસ નહોતા એવું કોઇ હિમ્મતથી કહી શકશે નહિ. તોપણ કદાચ તે સેતાન કદી કોઇ દુર્લક્ષ સુત્ર અવલંબીને તેઓની જીભપર આવિર્ભૂત થયો હોય. જે પોતે પ્રભાશંકરના શુભેચ્છક છે તેના પુષ્કળ પ્રમાણો છે. એકવાર પ્રભાશંકરને ત્યા ન્યાતી ભોજનની વેળાએ એક મીઠાઇ વાળાને એક શુભેચ્છકે મીઠાઇવાળાનો હિસાબ ચુકાવી આપવાની વેળાએ મીઠાઇવાળાએ શેઠની બરફીમાં વધારે ખાંડ નાખી હતી તે નાના પ્રકારના પ્રમાણ આપીને મીઠાઇવાળાને ૧૫ રૂપીઆ દંડ કરાવીને

શેઠને આભારી કર્યો હતો. વળી એક શુભેચ્છક કે ૧૦-૧૨ ખાજા આપી-
ને તેમાં ઘી ખરાબ તથા મોહણ ઓછું નાખ્યું છે તેથી ઓછી કિંમત
આપાવી હતી.

૭

આ હિતવાદીઓની શીખામણથી વિશ્વનાથને કામપર આવવાને કેટલાક દિ-
વસ થયા પછી બાળકૃષ્ણના શેઠના જમાઇ વિશ્વનાથની તરફ શેઠને મળતુ
સંમાન નહિ આપતા મિત્રને મળતો પ્રેમ આપવાને લીધે પ્રભાશંકરની આં-
ખમાં કેવું એક વિસદશ તરીકે જણાવા લાગ્યું. વિશ્વનાથ પણ એવો હુ-
કમ નહિ માનનારો હતો. કે સસરાના ઘણી જાતના ગાડી ઘોડા હોવા છતાં પ-
ણ ચાલતો બાળકૃષ્ણની જોડે જતો હતો. અજ્ઞાન વિશ્વનાથ બાળકૃ-
ષ્ણની પાસે કોઇ રીતે પોતાની મોટાઇ રાખી શકતો નહોતો.
આખરે સસરાએ એક દહાડો પોતે એક બે વાત કહેવાની મતલબ-
થી તેને પોતાની પાસે બોલાવીને કંઇક ફરિયાદ કરવાની શરૂવાત કરી, વિ-
શ્વનાથ ઘણો ગુસ્સે થયો. તે પહેલેથીજ સસરાની મતલબ કંઇક સમજવા
પામ્યો હતો. પરંતુ તેની જોડે એ વિષયમાં વાત કરવામાં હજી સુધી લાગ
મળ્યો નહોતો. આજે સસરાએ પોતે તે વિષય ઉપાડયો ત્યારે વિશ્વનાથે
સવિનયથી સમજાવવાનો યત્ન કર્યો કે બાળકૃષ્ણ ગરીબ હોવા છતાં પણ
જે વંશમાં તેનો જન્મ થયો છે તે વંશને આજે પણ ઘણા લોકો માન
આપે છે અને બાળકૃષ્ણના પિતાને બધાઓ સ્વતંત્ર વિચારનો, ઉન્નત
મનનો, ધાર્મિક તથા વિદ્વાન તરીકે માન આપે છે અને બાળકૃષ્ણ-
નો સ્વભાવ ચરિત્ર બધા નમુના તરીકે ધારે છે. આવી અવસ્થામાં
બાળકૃષ્ણની મિત્રતા વિશ્વનાથને માનનો વિષય માનવો જોઇએ.

પ્રભાશંકરની વાત પર કોઇ વાત કરવાને આજ સુધી કોઇ હિમ્મત-
વાન થયા નહોતા. તેનું મોટામાં મોટું કારણ એ હતું કે તે પોતે એક
ધનવાન વેપારી હતો. ઘણાખરા દલાલો તથા વેપારીઓના સં-
બંધમાં તેને કાળ ગાળવો પડતો હતો, વિદ્વાન સ્પષ્ટવક્તા તથા
ઉન્નત મનના માણસના સબંધમાં તે ઘણો આવ્યો નહોતો અને
આવવાની જરૂર પણ નહોતી. તેથી શેઠ જે કહે તે ખરૂ, જેવો હુકમ વગેરે
પદ તેના મનમાં એટલો ગોખાટ કરી મૂકયો હતો કે તેથી ઉચિત બો-

લવું સાંભળી શકતો નહોતો. તેથી આવી જગાએ વિશ્વનાથનું જે યુક્તિ વાળું બોલવું એ તેને અપ્રિય થાય તેમાં નવાઈ નથી. જમાઇના બોલથી તે ઘણો ગુસ્સે થયો, કંઇ નહિ બોલતા ચુપચુપ થઇ રહ્યો. જમાઇ ગયા પછી લાંબો શ્વાસ લઇને બોલ્યો, મને વળી શીખામણ આપે ? આ સર્વ અંગ્રેજી ભણાવવાનું ફળ ! છોકરીનું એક મૂર્ખની જોડે લગ્ન કર્યું હોત તો સારૂ હતું; આ તો હાથ પગ બાંધીને પાણીમાં નાખી દીધી છે ! ! હાયરે અંગ્રેજી ભણતર ! અજ્ઞાનાંધકાર પ્રસૂત કેવો શ્રાપ તથા લાંબા નિશાશા તારા માથા ઉપર વર્ષે છે તે કોણ કહી શકે ?

૮

આ પહેલો આરંભ, ત્યાર પછી બધાના ઉપર ઝાડીમાં વાઘ જોવાનો આરંભ કર્યો. વિશ્વનાથ સસરાનો કોઈ યુક્તિહીન ગેરવાજબી હુકમ નહિ પાળવાથી તે અંગ્રેજી કેળવણીના ઉપર અથવા બિચારા બાળકૃષ્ણના માથે પડતું ! બાળકૃષ્ણનો અપરાધ એ હતો કે તે વિશ્વનાથને પોતાનો બરોબરીઓ ધારતો હતો તે કોઈ રીતે સસરાની કંઈ ત્રુટિ જોવાથી વિશ્વનાથ ધારતો હતો કે હું એના કરતા ગરીબ છું તેથી મને ગણકારતા નથી. હું એના જેવો ધનવાન હોત તો કદાચ મને કંઇ કહેવાની હિંમત કરત નહિ. પેલી બાજુએ પ્રભાશંકરનો દીકરો કેટલીક અજ્ઞાનતાને લીધે, કેટલીક, અદેખાઈથી તથા કેટલીક છોકરવાદી બુદ્ધિથી વિશ્વનાથના તરફ માયાળુ નહોતો. કદાચ પિતાની વધારે પ્રીતિ મેળવીને ભવિષ્યમાં પિતાની દોલતનો કંઇક ભાગ મેળવે, એવું સમજીનેજ પ્રભાશંકરનો નરભેરામ લાગ મળ્યાથી વિશ્વનાથની થોડીક કસુરને મોટી બનાવીને પિતાની પાસે જે પહેલા ફરિયાદ કરતો હતો. પહેલા કહ્યું છે કે પ્રભાશંકરની પાસે જે પહેલા ફરિયાદ કરતો તેનો જય થતો. જેથી પ્રભાશંકર પણ જમાઇના આચારણથી ઘણોજ દિલગીર થતો હતો. આ જગાએ જે ઘણું કરીને થાય છે તેજ થયું. પ્રભાશંકરનું તેના પુત્રનું અને તેના મતના બધાની વિરક્તિ એકઠી થઇને નિર્દોષી બાળકૃષ્ણના માથે પડયું. બાળકૃષ્ણ પણ ઘણોજ નિર્દોષી હતો, તે પણ હિમ્મતથી કહી શકાતું નથી. પહેલા બાળકૃષ્ણ પ્રભાશંકરનો સ્નેહ મેળવ્યા પછી તેનાથી છેટે થઇને ઘણું કષ્ટ જાણવા લાગ્યો. જો પહેલાથી શેઠ ચાકરનો સંબંધ ચાલ્યા આવત તો કંઇ ગડબડ થાત નહિ. પહેલાં શેઠની તરફથી સ્ને-

ભરેલો વ્યવહાર મેળવતો અને પોતાને તે સ્નેહનો ખરેખર અધિકારી પણ સમજતો હતો; કેમકે તે વિશ્વનાથનો મિત્ર હતો. આખરે કારણ વિના આ સ્નેહથી છૂટો થઇને ઘણો દિલગીર થયો. તે જોતો હતો કે, પ્રભાશંકર ઉલટા બીજા નોકરોની સાથે હસીને વાત કરતો હતો. પરંતુ તેની તરફ ગંભીર કર્તવ્યમિશ્રિત હુકમના વિના બીજુ કંઇ બોલતો નહોતો. બાળકૃષ્ણના હૃદયમાં જાણે કાંટા ભોંકાતા હતા, તે છતાં નિરૂપાયથી શેઠનો હુકમ બજાવતો હતો. પ્રભાશંકર બાળકૃષ્ણના કામમાં કંઇપણ ઓછાપણું જોઇ શકતો નહોતો તે છતાં ઓછાપણું જોવા માટે નવા નવા કામ કરવાનો હુકમ આપતો હતો. પહેલાં પહેલાં બાળકૃષ્ણ જે કામ કરવાને તૈયાર થયાથી પ્રભાશંકર સ્નેહ પૂર્વક કહેતો કે, " રહેવા દે, એ કામ તું શામાટે કરે છે ? એ કામ પેલો હમણાં કરશે. " હમણાં તેના કરતાં હલકા કામમાં લગાડતો હતો અને સ્નેહને બદલે ઘણાજ કઠોર અવાજથી હુકમ કરતો હતો. જો પ્રભાશંકર વિશ્વનાથનો પૂજનીય સગો નહોત તો ઘણી મુદતથી સ્વતંત્ર વિચારના બાળકૃષ્ણ તેની નોકરી મૂકીને ગયો હોત. જે સગાએ તેને આ નોકરી અપાવી હતી તે કદાચ પોતાને અપમાનિત સમજે એ ડરથી પણ નોકરી એકદમ ત્યાગી શકયો નહિ. વિશ્વનાથ બધું સમજતો હતો પરંતુ નિરૂપાય થઇને અંતરમાં ને અંતરમાં બળવા લાગ્યો.

૯

આવી રીતે કેટલાક દહાડા ગયા. પ્રભાશંકર, વિશ્વનાથ અને બાળકૃષ્ણના હૃદયમાં અંધારૂં કરીને વાદળાં ઘેરાયાં? દરેક સમજ્યા કે, વિલંબે અથવા અવિલંબે આ વાદળાંમાંથી વિજળી પડવાની ને પડવાની. દરેક ધારવા લાગ્યા કે ભવિષ્યમાં આ કલહ વિવાદનો ઉલ્લેખ કરીને કોઇ જાણે મારા નામે દોષ નહિ લગાડે. આખરે પ્રભાશંકરના એક મિત્ર વેપારીને ત્યાં લગ્નમાં નિર્વોન્મુખ મેઘમાંથી મહાપ્રલયનો આરંભ થયો. ખીમચંદ શેઠ પ્રભાશંકરના મિત્ર વેપારી હતા. તેના પુત્રના લગનનાં પ્રસંગમાં તેણે પ્રભાશંકરને કહ્યું કે તમારા બધા ગુમાસ્તાઓને હું નોતરૂ કરવાની ઇચ્છા કરૂં છું, આપ કૃપા કરીને તેઓના નામ પત્તાની યાદી આપો. પ્રભાશંકરે પોતાના ગુમાસ્તાઓમાંથી મોટા મોટાના નામ તથા પત્તા લખી આપ્યા અને બીજાને અહિ કહ્યાથી ચાલશે. ભૂલથી હો અથવા ઇચ્છાથી હો, યાદીમાં બાળકૃષ્ણનું નામ નહોતું. બાળકૃષ્ણે વિચાર કર્યો કે મારે ઘર જઇને જુદું નોતરૂ કરવું

એ ઉચિત તરીકે શેઠ સમજ્યા નહિ. ઠીક હું પણ એ અપમાનનો બદલો લઇશ. જેઓને જૂદુ તેડું કરવામાં આવ્યું નથી તેઓને પ્રભાશંકરે પોતે અમુકને ત્યાં આવવાનું નોતરૂ દીધું. બાળકૃષ્ણને કંઇ કહ્યું નહિ, બાળકૃષ્ણે એના પર પણ લક્ષ ખેંચ્યું ! પહેલા કદાચ બાળકૃષ્ણ આ બધા તુચ્છ વિષય-પર લક્ષ આપત નહિ, પરંતુ હમણાં દરેક દરેકના વ્યવહારમાં છળ કપટ પ-કડવાનો આરંભ કર્યો હતો. મુકરર દિવસે બધા લગ્નમાં ગયા. બાળકૃષ્ણ ગ-યો નહિ. પ્રભાશંકરે બાળકૃષ્ણને નહિ જોયાથી વિશ્વનાથને કહ્યું, “ જો જો-ઇએ, બાળકૃષ્ણનો વ્યવહાર ! બધા આવ્યા પણ શેઠનું આવવું થયું નહિ ! ” વિશ્વનાથ મૂંગો રહ્યો.

૧૦

બીજે દહાડે પ્રભાશંકરના પુત્ર નરભેરામે બાળકૃષ્ણને કહ્યું, “ બા-ળકૃષ્ણ, કાલે લગ્નમાં કેમ આવ્યા નહોતા, બાળકૃષ્ણે કહ્યું, “ મારૂં શરીર ઠીક નહોતું. ” “પિતાજી કાલે તમે નહિ આવ્યાથી ઘણા ગુસ્સે થયા હતા,” બીજી વખતે તે પહેલા પૂછતો કે શું અસુખ થયું હતું. હમણા કેમ છે, વગેરે પુછત, “ હમણાં પિતાજી ઘણા ગુસ્સે થયા ! ” બાળકૃષ્ણથી હવે ખમાયું નહિ. ગુસ્સાથી અધીર બનીને બોલ્યો, “તમારા પિતા ગુસ્સે થવાથી મારી શી હાનિ થવાની હતી? તે મારી ચાકરીના માલેક છે, મારી ન્યાત ના તે માલેક નથી. તમે પૂછ્યું તેથી મેં કહ્યું કે શરીર સારૂં નહોતું, તે જો પૂછત તો કહેત કે ઇચ્છા થઈ નહિ તેથી આવ્યો નહિ, તેડું નહોતું તેથી આવ્યો નહિ. અથવા તેમને આ સવાલ પૂછવાનો અધીકાર નથી. તે જૂદી ન્યાતનો છે, જે જેવા છે, તેવા રહે, તેમને વગર કામની ચર્ચા કરવાની જરૂર શી છે ? જો તેઓ મને પહેલાની આંખથી જોત, તો હું તેમનો હુકમ માથે ચઢાવત પરંતુ હમણાં તેમનો તે ભાવ નથી અને મારો પણ તે ભાવ નથી.” બાળકૃષ્ણ ઇચ્છા કરત તો ઘણું બોલી શકત. વળી નરભેરામે કંઇ પણ રૂઢ વાત કહી નહોતી કે જેથી બાળકૃષ્ણ આટલો આત્મહારા થયો પરંતુ કેવી વિધાતાની રમત છે, વખતો વખત આપણી વિશેષ અનિ-ચ્છા હોવા છતાં પણ આપણે આત્મસંયમ કરી શકતા નથી. કહેવું નકામું

છે કે તે દહાડે પ્રભાશંકરના પુત્રની પાસેથી બધો બનાવ અતિરંજિત આ-કારે જાણ્યો અને ગુસ્સાથી અપમાનથી અધીરો બનીને નક્કી કર્યું કે બીજે દહાડે સવારે પેઢી ઉપર જઇને પહેલા બાળકૃષ્ણને આ રૂઢ વ્યવહારનું કા-રણ પૂછીશ અને તેને દોષી કરીને નક્કી કર્યા પછી પગાર ઓછો કરીશ અથવા તેને તેમ જોયો તો તેને કામપરથી કાઢી મૂકીશ.

૧૧

બીજે દહાડે પેઢીપર જઇને જોયું તો બાળકૃષ્ણ તે વેળાએ આવ્યો નથી. (આજ કાલ બાળકૃષ્ણ સર્વથી પહેલા આવતો હતો.) બાળકૃષ્ણ આવે તો મારી પાસે મોકલજે એવું સિપાઇને કહીને પોતાની જગાએ જઇને મુંબાઇ સમાચાર, અકબારે સોદાગર. તારના ખબરો અને કાગળો જોતા જોતા એક ચીઠી મળી. ઉખેડીને વાંચી.

મહેરબાન શેઠ પ્રભાશંકરજી.

સાહેબ આપે મને પોતે કહીને જે કામપર મને લગાડ્યો હતો, તે મેં પાંચ વર્ષથી મારી શક્તિ પ્રમાણે કર્યું છે. હમણા કોઇ અજાણ્યા કારણ-થી આપ મારા ઉપર ગુસ્સે થયા છો, હું મારા પોતાની મરજીથી આપની નોકરી છોડું છું. જો મારા કામમાં કંઇ ભૂલ ચૂક થઇ હોય, તો મહેરબાની કરીને ક્ષમા કરજો, એક વખતે શેઠ સાહેબે મને પોતાના હાથ નીચે રાખ્યો હતો, આ ઉપકાર પણ આખી ઉમ્મરમાં ભૂલનાર નથી.

આપનો તાબેદાર.

બાળકૃષ્ણ.

× × × × × × + + ×

૧૨

લગભગ ૮ વર્ષ થઇ ગયા છે. પ્રભાશંકર શેઠ. ભારે મંદવાડમાં પડયા છે, જીવવાની આશા નથી. ઘરનાં બધાં માણસો શોકાતુર છે, વાંદરામાં એક બંગલામાં રહે છે. ઘણા ડાકટરોની દવા ખાધી પણ કંઇ આરામ નથી, અંગ્રેજ ડાકટરો ચાર પાંચ આવ્યા પણ કંઈ ટાંકી લાગી નહિ. આજે પ્રભાશંકરના જીવ મરણનો આખરનો સમય છે, પ્રભાશંકર શેઠ આજે અનંતની શીમામાં આવેલો છે. આજે જો બચે તો તે જીવે, તેને આવો ભારે રોગ છે, બાળકૃષ્ણ એક દહાડો પણ તેને જોવા માટે આવ્યો નથી. કેવો અકૃતજ્ઞ! હમણાં બીજી એક ઑફિસમાં મોટા પગારની નોકરી મળી છે. ગમે તેમ હો એકવાર મળવા તો આવુંતું.

રોગીના ઓરડામાં લગભગ ૪—૫ ડાક્ટરો છે, પુત્ર જમાઈ, સ્ત્રી વગેરે છે. બધાં એક નજરથી રોગીની તરફ જોતા રહ્યાં છે. ચુપચુપ તોડીને મોટા ડાક્ટરે (અંગ્રેજે) કહ્યું, હવે ફક્ત એક ઉપાય છે. તે છેલ્લો ઉપાય આ છે કે, બીજા કોઇ બળવાન માણસના શરીરમાંથી લોહી લઇને એના શરીરમાં નાંખવામાં આવે તો રોગીના દેહમાં નવું લોહી સંચારીત કર્યાથી રોગી જીવે તો જીવે પરંતુ કોણ લોહી આપે ? જે લોહી આપશે તેનો જીવ જવાની શંકા રહેછે.” પ્રભાશંકરની સ્ત્રીએ કહ્યું. “ હું આપીશ; મારો જીવ જાય તો છો જતો !” સ્ત્રીની પતિભક્તિ જોઇને સાહેબ મુગ્ધ થયા ! સ્વામીની માટે સંકોચ વગર મરવા ચાહેછે ! જાહેર બોલ્યો, “ આપ સ્ત્રી છો, તેમાં વળી વૃદ્ધ છો, આપનું લોહી લીધાથી કંઇ લાભ થશે નહિ. હું કોઇ મજબુત જુવાનનું લોહી લેવા ચાહુ છું. પરંતુ કોણ લોહી આપીને આનો જીવ બચાવે ? ”

અંધારા ખુણામાંથી આખા શરીર ઉપર ઓઢેલા એક માણસે ધીરે ધીરે ઉઠીને આવીને સતેજ કંઠથી સ્પષ્ટ અવાજથી કહ્યું, “ હું આપીશ !” આવનાર માણસના શરીર તથા મોંપર કપડું ઢાંકેલું હતું શિયાળો હતો તેથી કોઇએ પણ સંદેહ કર્યો નહિ. ડાક્ટર આવનાર માણસનો ઉઘાડા હાથ જોઇને સમજ્યો કે માણસ બળવાન છે ખરો, ઘરમાંના બધા તેની ઓળખાણ પૂછવાની પહેલા આવનારે ડાક્ટરની પાસે પડેલાં હથિઆરમાંથી એક હથિયાર લઇને પોતાના હાથમાં ભોંકીને કહ્યું, જરૂર જેટલું લોહી લ્યો, ડાક્ટર તરત પોતાના કામમાં લાગ્યો. બધા આશ્ચર્યથી ફાટેલી આંખથી એકવાર આવનાર માણસની તરફ અને એકવાર રોગીની તરફ જોવા લાગ્યા થોડીવારે ડાક્ટરે ઓરડાની નિસ્તબ્ધતા ભંગ કરીને કહ્યું, “આપ આ અજાણ્યા મહાનુભવની સેવા કરો, રોગીને હવે મરવાનો ડર નથી પરંતુ તેને પહેલાં જુઓ.”

“આજે મેં મારો બદલો લીધો ” આવું કહીને આવનારે સેવાની દરકાર ન રાખતાં મોંપરનું વસ્ત્ર કાઢીને દુર્બલ શરીરથી સ્ખલિત પગલાંથી ઓરડામાંથી નીકળ્યો. બધા તેનું મોં જોઇને એક અવાજથી બોલી ઉઠ્યાં, “ બાળકૃષ્ણ ? ”

યુવટો.

ઇટાલિમાંના જીનોવા પ્રાંતમાં રાજકાર્ય સ્વતંત્રથી ચાલતું હતું. પરંતુ ત્યાંના પૈસાદાર અને પ્રતિષ્ઠિત માણસોના હાથમાં ઘણું કરીને સર્વ કામ હતાં. પૈસાદારો તથા કુલીન સર્વ વિષયમાં સંપૂર્ણ પોતાના તાબામાં રાજકાર્ય કરતા હતા અને પોતાના વર્ગના માણસોનું સારૂં થાય તેને માટે યત્ન કરતા હતા; એથી ગરીબ અને પૈસાદારમાં ઘણી વખતે લઢાઇ થતી હતી અને એક બીજાનું ખરાબ કરવાને મથતા હતા. એક વેળાએ કુલીનોને સભામાં બેસવાનું મંજુર ન કરતાં સાધારણ માણસોએ કેટલાક ગરીબ પણ કામ કરવામાં ધ્યાન લગાડનારાઓને મંજુર કર્યા. તેઓ જીનોવાસમાજની રાજ્ય સભામાં કામ કરવા લાગ્યા. તેમાં સર્વથી વડાનું નામ યુવટો હતું, તે ઘણો ગરીબનો છોકરો હતો, પરંતુ પોતાની બુદ્ધિ, યત્ન અને પરિશ્રમના ગુણથી વેપાર રોજગાર કરીને લોકોમાં ઘણોજ વખણાતો હતો,

કેટલાક દિવસ પછી સારા કુળના માણસોએ સાધારણ લોકોને ખરાબ કરવા માટે ફરી પોતાના હાથમાં સઘળો રાજકારભાર લીધો અને ભવિષ્યમાં ગરીબ લોકોની તરફથી કંઇ નુકશાન ન થાય તેને માટે સાધારણ પક્ષના મોટાઓને સજા અને તેઓને દમન કરવાનો આરંભ કર્યો; સર્વથી પહેલાં યુવટોને સ્વતંત્રનો બળવાખોર કરીને બંદીવાન કર્યો, અને તેનું સર્વ લુટી લીધું, તથા સ્વતંત્રની હદ બહાર કાઢવાનો હુકમ કર્યો, આ હુકમ સાંભળવા માટે યુવટોને મોટા ન્યાયાધીશની પાસે આણવામાં આવ્યો. પ્રતિષ્ઠિત પક્ષનો એડર્નો નામક એક માણસ તે વેળાએ ન્યાયાધિશ હતો. તે ન્યાયાસન ઉપરથી ગર્વિત વાક્યથી ને સંબોધીને બોલ્યો. “ અરે પાપિષ્ટ, નરાધમ ! તું અતિ નીચનો છોકરો છે; થોડાક પૈસા એકત્ર કરીને તારી આટલી આસ્પર્ધા વધી છે, તું તારી પહેલાંની અવસ્થાને યાદ કરીને પ્રતિષ્ઠિત માણસોને અપદસ્થ અને અપમાનિત કરવામાં તૈયાર થયો હતો, પરંતુ તેઓએ તારા ઉપર ઘણીજ કૃપા કરી છે, તારો જેવો અપરાધ છે તેના યોગ્ય દંડ ન આપતાં, તેને કેવળ પૂર્વવત અવસ્થામાં સ્થાપિત અને જીનોવાના અધિકારથી દેશનિકાલ કર્યો છે.

આવી રીતનો ગર્વિત ઠપકો સાંભળીને યુવરોએ કોઇપણ જાતનું અહં-કારનું અથવા કોપનું ચિન્હ ન દેખાડતાં, ન્યાયાધિશનો હુકમ માથે ચઢાવ્યો, પરંતુ એડર્નોને આટલું કહ્યું કે, 'આપે મારી ઉપર જે મગરૂર ભાષા વાપરી છે તેને માટે આપને કોઇ વેળાએ પશ્ચાતાપ કરવો પડશે.' ત્યાર પછી તે નેપલ્સમાં ગયો. ત્યાંના કેટલાક વેપારી તેના કરજી હતા, તેઓએ તેની સ્થિતિ જાણીને પોત પોતાનું કરજ ફેડયું, આવી રીતે થોડાક પૈસા હાથમાં આવ્યા. તે એક પાસેના બેટમાં જઇને તે નાણાથી ફરી વેપાર કરવામાં પ્રવૃત્ત થયો. અસાધારણ બુદ્ધિ, શક્તિ અને મહેનતને લીધે ટુક મુદતમાં તે સારો પૈસાદાર થયો.

કામને પ્રસંગે યુવરો સર્વદા આસપાસના શહેરોમાં જતો આવતો હતો, તેમાં તે વેળાએ ટુનિસ શહેર મુસલમાનોના તાબામાં હતું. મુસલમાનો ખ્રિસ્તીના ઘણાજ વિદ્વેષી હતા, તે વેળાએ તેઓની એવી રીત હતી કે લઢાઇમાં પરાજય પામેલા ખ્રિસ્તીઓને બંદીવાન કરીને આણતા હતા, અને તેઓને ગુલામ તરીકે લોઢાની શાંકળથી બાંધીને નજર દંડથી દંડીત અપરાધીની પેઠે ઘણાજ કષ્ટદાયક કામમાં લગાડી રાખતા હતા. એક વેળાએ યુવરો તે શહેરમાંના એક રસ્તા ઉપરથી ત્યાંના એક આબરૂદારની જોડે મુલાકાત કરવા જતો હતો. એટલામાં તેણે રસ્તામાં જોયું કે એક નાની ઉમ્મરનો ખ્રિસ્તી ગુલામ રસ્તાની બાજુની માટી ખોદતો હતો; તેના બે પગમાં લોખંડની શાંકળ બાંધેલી હતી, તેનો ચહેરો અને આકાર જોતાં તે પ્રતિષ્ઠિત કુળનો પુત્ર જણાયો. જે કષ્ટદાયક કામમાં તે લાગેલો છે, કોઇ રીતે તે કરી શકતો નહોતો. થોડીકવાર કામ કરતો હતો પછી તરત કામ પડતું મુકીને લાંબો શ્વાસ છોડીને આંસુ વરસાવતો હતો.

આવો દેખાવ જોયાથી યુવરોના અંતઃકરણમાં ઘણીજ દયા આવી. તેણે ઇટાલિયા તેની ઓળખાણ પૂછી, તે પોતાની માતૃભાષા સાંભળ્યાથી પોતાનો સ્વદેશી માણસ સમજીને તેની તરફ મુખ ફેરવીને ઉભો. અને શોકાકુલ વચનથી પોતાની અવસ્થા કહેવા લાગ્યો. થોડીકવાર વાતચીત થયા પછી તેણે કહ્યું, હું જીનોઆના સર્વથી મોટા ન્યાયાધિશ એડર્નોનો પુત્ર છું.

આ વાત સાંભળતાંજ દેશનિકાલ થયલો વેપારી આશ્ચર્ય પામ્યો. તે વેળાએ પોતાનો ભાવ છુપાવીને તરત ત્યાંથી જતો રહ્યો. જે માણસે એડર્નોના પુત્રને ગુલામ કરી રાખ્યો હતો, તેનો પત્તો મેળવીને તેના ઘરમાં ગયો અને તેની જોડે મળીને પૂછયું. આપ શું લઇને અમુક ખ્રિસ્તી ગુલામને છોડી શકશો? તેણે કહ્યું. હું એવું જાણું છું કે એ જુવાન ધનવાન માણસનો છોકરો છે, એટલા માટે હું પાંચ હજાર રૂપીઆથી ઓછું ન લેતાં છોડીશ નહિ. યુવટોએ તરત તે રૂપીઆ ગણી આપીને તે જુવાનને ગુલામગીરીમાંથી છોડાવ્યો.

આવી રીતે પોતાનો અભિમત સિદ્ધ થયાથી તે ઘણોજ સંતોષી થયો અને તરત એક ચાકરને સારો પોશાક આપીને તે જુવાન માણસની પાસે જઇને બોલ્યો, હે યુવક! તમે સ્વતંત્ર થયા છો, હવે તમારે મુસલમાનોનું દાસપણું કરવું પડશે નહિ એવું કહીને પોતાને હાથે તેની શાંકળ તોડીને નવો પોશાક પહેરાવ્યો આથી તે આશ્ચર્ય અને ગૂઢ જેવો બનીને આ સર્વ વ્યાપારને તે સ્વપ્નદર્શનવત્ સમજવા લાગ્યો, અને ખરેખર ગુલામગીરીની શાંકળથી છુટો થયો. એ કોઇ રીતે સમજી શકયો નહિ, પરંતુ જ્યારે યુ-વટો તેને પોતાને ઘેર લઇ ગયો અને તેના ઉપર પોતાના પુત્ર પ્રમાણે સ્નેહ દેખાડવા લાગ્યો, ત્યારે તેના અંતઃકરણમાંના સઘળા સંશય દૂર થયા, પેલો યુવક, યુવટોના આ અસાધારણ દયાના કામ અને અલોક સામાન્ય સૌજન્ય જોયાથી મોહિત અને આશ્ચર્ય થઇને તેના ઘરમાં કેટલાક દિવસ સુધી રહ્યો.

થોડા દિવસ પછી એક વહાણ ઇટાલિ જતું જાણીને યુવટોએ તે જુવાન માણસને સ્વદેશમાં મોકલવાનો નિશ્ચય કર્યો. જવાની વેળાએ રસ્તા ખર્ચને માટે પૈસા અને બીજી જરૂરની વસ્તુ આપીને કહેવા લાગ્યો, બેટા! તમારા ઉપર મારો એવો તો સ્નેહ ઉત્પન્ન થયો છે કે તમને જવાને આપી કોઈ રીતે ઇચ્છા થતી નથી, તમારાં માબાપ તમારે માટે વ્યાકુળ હશે અને સર્વદા વિલાપ તથા પરિતાપ કરતાં હશે, કેવળ

આનાજ લીધે હું તમને તેઓની આગળ મોકલુંછું. નહિતો હું તમને બીજા કેટલાક દિવસ મારી જોડે રાખત, ગમે તેમ હો પણ જગદીશ્વરની આગળ પ્રાર્થના કરૂં છું કે વગર હરકતે સ્વદેશ જઇને માતપિતાના શોક દૂર કરીને તેમના આનંદને વધારો. આવું કહીને એક પત્ર તેના હાથમાં આપીને કહ્યું, આ પત્ર તમારા પિતાને આપજો,

તે જુવાન માણસ તેનો સ્નેહ, સદાશયતા. અને અમાયિકતાના અતિશય દર્શનથી મુગ્ધ થઇને બોલ્યો, મહાશય ! આપે મારી ઉપર જેવો સ્નેહ અને કૃપા દેખાડીછે, તેવો સ્નેહ કોઇએ કદી પણ મારા ઉપર દેખાડયો નથી, આપનો સ્નેહ અને દયા મારા અંતઃકરણમાં આખા જીવન સુધી જાગ્રત રહેશે. હું એક દિવસના એક પળને માટે તે ભૂલીશ નહિ, હું વિનંતિ કરૂંછું કે, આપ આ હમેશના વેચાતા લીધેલા આધીનને ભૂલશો નહિ, આવું કહીને તેને અકૃત્રિમ ભકિત દેખાડીને પ્રણામ તથા અલિંગન કર્યા. યુવરો સ્નેહથી ગાઢ આલિગંન કરીને રોતી આંખે ઉભો રહ્યો અને યુવક અશ્રુ વિસર્જન કરતો કરતો ચાલ્યો.

એડનો અને તેની સ્ત્રીને ઘણા કાળથી પુત્રનો કંઇપણ પત્તો નહિ મળ્યાથી નક્કી કર્યું હતું કે તે નિઃસંદેહ મરી ગયો હશે, તેથી તેનું ફરી દર્શન થવામાં ઘણાજ નિરાશ થયાં. પેલો જુવાન એકાએક તેઓની સામે આવી ચઢયો, તેથી તેઓ આશ્ચર્ય અને આનંદ સાગરમાં નિમગ્ન થયાં, અને બેઉ એકી વેળાએ સ્નેહથી ગાઢ આલિંગન કરીને ઘણાજ આનંદાશ્રુ પાડવા લાગ્યાં. ત્રણ જણાં થોડીવાર જડની પેઠે થઇ રહ્યાં. કોઇના મોંમાંથી વાકય નિકળ્યું નહિ ત્યાર પછી એડનો અને તેની બાઇડીએ પૂછયું, બેટા તુ આટલા દિવસ સુધી કયાં અને કેવી રીતે રહ્યા હતો તે કહે, ત્યારે પેલા જુવાને જે રીતે બંદીવાન અને ગુલામગીરીની શાંકળમાં બંધ થયો હતો તેનું વિસ્તારીને વર્ણન કર્યું. છોકરાનું કહેવું સાંભળીને એડનોએ રોતાં રોતાં કહ્યું, કિયા મહાનુભાવે તને ગુલામગીરીની શાંકળથી છોડાવી અમોને જન્મને માટે વેચાતાં કરી લીધાં છે તે કહે. તેણે કહ્યું, આ કાગ વાંચ્યાથી સર્વ જાણશો એમ કહીને તેણે પેલા વાણીઓનો પત્ર આપ્યો